**સુવિચાર**
મનુષ્ય જન્મ પામીને માણસ જો વિકાસ ન કરે તો તેનો જન્મ વિફલ ગયો એમ જ માનવું
:: સૌજન્ય ::
નિલકંઠ જવેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૧૨ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૬/૦૧/૨૦૨૪, શુક્રવાર
ફોન : ૨૨૮૪૨૨

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

# અમરેલી એક્સપ્રેસ

ગણતંત્ર દિવસ की हार्दिक शुभकामनाएं HAPPY REPUBLIC DAY
www.amreliexpress.com
જિલ્લાનાં આમઆદમીનું અખબાર
અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

**"અમરેલી એક્સપ્રેસ" અંક બંધ**
"અમરેલી એક્સપ્રેસ" કાર્યાલય પ્રજાસત્તાક દિન નિમિત્તે રજા પાળશે. જેથી **તા. ૨૭ જાન્યુઆરીને શનિવારનો અંક પ્રસિદ્ધ થશે નહીં.** રવિવારે રાબેતા મુજબ અંક પ્રસિદ્ધ થશે. જેની સર્વે એજન્ટ મિત્રો, વિજ્ઞાપન દાતાઓ અને વાંચકોએ નોંધ લેવા વિનંતી...
- તંત્રી

તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યું. : વિક્રમ સંવંત ૨૦૮૦ પોષ વદ-૧ વર્ષ : ૧૫ અંક : ૦૩૯

## પ્રતિમાનાં દાતા ગોપાલભાઈ વસ્તરપરા, ધારાસભ્ય જનક તળાવીયાએ નારાજગી વ્યકત કરી

# ઉજજૈનનાં માંકડોન ગામે સરદાર પટેલની પ્રતિમાને અપમાનિત કરાતાં રોષ

**બાબરા ખાતે મામલતદાર અને પોલીસ ઈન્સ્પેકટર મારફત પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને આવેદનપત્ર પાઠવીને સમગ્ર ઘટના અંગે દુઃખ વ્યકત કરાયું**

**કસુરવાન જે પણ કોઈ વ્યકિત હોય તેમની વિરૂદ્ધ કડકમાં કડક કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી**

**સોશ્યલ મિડિયામાં ઉજજૈન પંથકમાં બનેલ ઘટનાનો વિડીયો વાયરલ થતાં રોષનો માહોલ**

**સરદારપ્રેમી ગોપાલભાઈ વસ્તરપરાએ સરદારનું અપમાન એ સમગ્ર દેશનું અપમાન હોવાનું પણ જણાવ્યું**



અમરેલી, તા. ૨૫

મધ્યપ્રદેશનાં ઉજજૈન પંથકનાં એક સ્થળે ચમારડીનાં સરદારપ્રેમી ગોપાલભાઈ વસ્તરપરાનાં સહયોગથી સરદાર પટેલની પ્રતિમાનું સ્થાપન ત્યાંનાં સ્થાનિક સરદારપ્રેમી વ્યકિતઓ અને સંગઠનો ધ્વારા કરવામાં આવેલ. જેનાથી અમુક સમાજ વિરોધ શખ્સોએ સરદાર પટેલની પ્રતિમાને નુકસાન કરતા હોય તેવો વિડીયો સોશ્યલ મીડિયામાં વાયરલ થતાં તેના ઘેરા પ્રત્યાઘાતો સમગ્ર દેશમાં પડયા છે. તો સરદાર પટેલની જન્મભૂમિ ગુજરાતની જનતામાં પણ નારાજગી ઉભી થઈ છે.

જેને લઈને બાબરા ખાતે સરદારપ્રેમી ગોપાલભાઈ વસ્તરપરા અને ધારાસભ્ય જનક તળાવીયાની આગેવાનીમાં મોટી સંખ્યામાં આગેવાનોએ મામલતદાર અને પોલીસ ઈન્સ્પેકટરને આવેદનપત્ર પાઠવીને જે કોઈ શખ્સોએ સરદાર પટેલની પ્રતિમાનું અપમાન કરેલ હોય તેમની સામે કડકમાં કડક કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવેલ છે.

સરદાર પ્રેમી ગોપાલભાઈ વસ્તરપરાએ આ ઘટનાને આઘાતજનક ગણાવીને દેશની એકતાનાં પ્રતિક અને આઝાદીનાં લડવૈયાની પ્રતિમાનું અપમાન એ દેશનું અપમાન હોવાનું જણાવીને પ્રધાનમંત્રીને સંબોધતું આવેદનપત્ર પાઠવેલ છે.

આવેદનપત્રમાં જણાવેલ છે કે, હાલ સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ (ટિવટર) પર BALA (@erbmjha) વેરિફાઈ અકાઉન્ટ નામના હેન્ડ ઉપલોડ થયેલ વિડીયો જેમાં ટ્રેકટર ધ્વારા ભારત રત્ન વલ્લભભાઈ પટેલ (સરદાર)ની પ્રતિમાને મધ્યપ્રદેશનાં ઉજજૈનનાં માંકડોન ગામ ખાતે કેટલાક વ્યકિતઓ અપમાનીત કરતા હોવાનો વિડીયો દર્શાવવામાં આવ્યો છે. જે ખૂબ આઘાતજનક છે અને સમગ્ર ગુજરાત તથા દેશના લોકોની લાગણી દુભાઈ ઉશ્કેરવાનો પ્રયાસ છે.

વધુમાં જણાવેલ છે કે, હાલ વિશ્વની સૌથી ઊંચી સરદાર પ્રતિમા ગુજરાતમાં છે અને વલ્લભભાઈ પટેલ (સરદાર) વલ્લભભાઈ પટેલ ગુજરાતના પનોતા પુત્ર અને ભારત રત્ન મહાન વ્યકિતનું આવું અપમાન સહન કરી શકાય નહી અને આવા અસામાજિક તત્વો વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી થવી ખૂબ જરૂરી છે તેમ અંતમાં જણાવેલ છે.








Since 1986
બાલમુકુંદ જવેલર્સ
આજનો ૨૨ કેરેટ હોલમાર્ક દાગીનાનો ભાવ (૧૦ ગ્રામ)
55,390/-
અમરેલી
વધુ માહિતી માટે : ૬૩૫૨૪ ૩૧૩૬૬

Sheetal ICE CREAM
WE ARE HIRING!
Job Location : Amreli
MICROBIOLOGIST / CHEMIST
(BSC/MSC) (FEMALE)
DAIRY TECHNOLOGIST
(B.TECH/M.TECH) (MALE | FEMALE)
FOOD TECHNOLOGIST
(B.TECH/M.TECH) (MALE | FEMALE)
SUPERVISOR
(B.A/B.COM) (FEMALE)
WALK-IN TIME
10:00 am to 12:00 pm | 4:00 pm to 6:00 pm
APPLY NOW
+91 9081998018
sheetalhr530@gmail.com
SHEETAL COOL PRODUCTS LIMITED
PLOT NO.75 TO 81, G.I.D.C. ESTATE, AMRELI - 365601.








૭૫માં પ્રજાસત્તાક પર્વ નિમિત્તે હાર્દિક શુભકામનાઓ
Happy Republic Day
શ્રી રીનાબહેન બાબાભાઈ ખુમાણ (સરપંચ)
શ્રી કૌશીકભાઈ અરજણભાઈ ધામેલીયા (ઉપસરપંચ)
શ્રી જે.ટી. રાતડીયા/એચ.પી. દોરીલા (તલાટી મંત્રી)
શ્રી ભારતીબહેન પ્રવિણભાઈ બાબરીયા (ચેરમેન, સા.ન્યાય સમિતિ)
: સભ્યશ્રીઓ :
શ્રીમતી હિનાબહેન એન. હરીયાણી
શ્રીમતી અરૂણાબહેન ડી. ચૌહાણ
શ્રીમતી શોભાબહેન એન. વાઘેલા
શ્રીમતી ભાવનાબહેન આર. દેવેરા
શ્રીમતી ચંપાબહેન કે. ચૌહાણ
શ્રીમતી પ્રભાબહેન આર. કાકલોતર
શ્રી ભુપતભાઈ એન. પાટડીયા
શ્રી ભદ્રેશસિંહ એફ. રાઠોડ
શ્રી ઈન્દ્રસિંહ જે. રાઠોડ
શ્રી ભાનુભાઈ એમ. આંબલીયા
શ્રી શનાભાઈ એસ. પલાસ
શ્રી અરવિંદભાઈ પી. વરીયા
શ્રી બાબાભાઈ બી. ખુમાણ
કલાર્ક પિયુશભાઈ એચ. જોષી | કોમ્પ્યુટર ઓપરેટર અભિ એ. હરીયાણી | તથા તમામ કર્મચારીગણ...
ખાંભા ગ્રામ પંચાયત કચેરી - ખાંભા
મુ. ખાંભા, તા. ખાંભા, જી. અમરેલી.



૭૫માં પ્રજાસત્તાક પર્વ નિમિત્તે
હાર્દિક શુભકામનાઓ
HAPPY
REPUBLIC DAY
26
JANUARY
: શુભેચ્છક :
શ્રી મેહુલભાઈ ત્રિવેદી
પ્રમુખ
શ્રી પ્રતિકભાઈ નાકરાણી
ઉપપ્રમુખ
શ્રી અશોકભાઈ ચૌહાણ
ચેરમેન
કારોબારી સમિતિ
શ્રી હસમુખભાઈ બારડ
ચીફ ઓફિસર
તેમજ તમામ ચેરમેનશ્રીઓ
અને સદસ્યશ્રીઓ તથા કર્મચારીગણ...
સાવરકુંડલા નગરપાલિકા
: સાવરકુંડલા :




૭૫માં પ્રજાસત્તાક પર્વ નિમિત્તે
હાર્દિક શુભકામનાઓ
26
JANUARY
Happy Republic Day
: શુભેચ્છક :
શ્રી ઘનશ્યામભાઈ ડોબરીયા
ભાજપ અગ્રણી
સાવરકુંડલા

गणतंत्र दिवस
की हार्दिक शुभकामनाएं
करे सलाम इस तिरंगे को
जो हमारी शान है
सदा सर रखना उचां इसका,
जब तक शरीर में जान है।
Happy
Republic Day
: શુભેચ્છક :
શ્રી પ્રતાપ દુધાત
પ્રમુખ : અમરેલી જિલ્લા કોંગ્રેસ સમિતિ
પૂર્વ ધારાસભ્ય
સાવરકુંડલા-લીલીયા વિધાનસભા




૭૫માં પ્રજાસત્તાક પર્વ નિમિત્તે
હાર્દિક શુભકામનાઓ
HAPPY
REPUBLIC DAY
26
JANUARY
: શુભેચ્છક :
નટરાજ રોડ લાઇન્સ
અમરેલી-ભાવનગર-રાજકોટ
આશાપુરા ટ્રાન્સપોર્ટ કું.
અમરેલી-ભાવનગર-રાજકોટ
શ્રી ઉદયભાઇ શેખવા : મો. ૯૧૩૭૧ ૫૫૫૫૫

તંત્રી સ્થાનેથી...

# ભારત દેશનાં ૭૫માં પ્રજાસત્તાક દિને સમગ્ર દેશવાસીઓને હાર્દિક શુભકામનાઓ

ભારત દેશ ૨૦૦ વર્ષની અંગ્રેજી શાસનની ગુલામીમાંથી ૧૫ ઓગષ્ટ ૧૯૪૭નાં રોજ આઝાદ થયા બાદ ૨૬ જાન્યુઆરીથી ભારત દેશનું બંધારણ રજુ થયું અને તે સમયે તમામ રાજકીય પક્ષો, તમામ સંગઠનોએ દેશ હવે બંધારણનાં નિયમ મુજબ ચાલશે અને દેશને વિકાસનાં સર્વોચ્ચ શિખરે પહોંચાડવાનો દ્રઢ સંકલ્પ થયો. આજે તે દિવસ એટલે દેશનો પ્રજાસત્તાક દિન અને દેશની ખરી માલીકી કોઈ રાજા–મહારાજ કે વિદેશી શાસકોની નહી પણ દેશની જનતાની રહેશે.

ભારત દેશનાં ૧૪૨ કરોડ નાગરિકો માટે આજનો દિવસ અતિ મહત્વનો છે. કારણ કે ૧૯૫૦માં ૨૬ જાન્યુઆરીનાં રોજ દેશની જનતાને વિશાળ હકક અને ફરજ અંગે જાણકારી મળી હતી અને તે સમયે દેશનાં કરોડો નાગરિકોએ તેમની ફરજ પાલન કરવાની ખાત્રી આપી અને શાસકોએ જનતાને હકક આપવાનું વચન આપેલ.

આજે તે શુભદિનનાં ૭૫ વર્ષ પૂર્ણ થયા હોય તે સમયે સમગ્ર દેશવાસીઓમાં ખૂશીનો માહોલ જોવા મળી રહ્યો છે અને દેશનાં શુભચિંતકો પ્રજાસત્તાક દિન નિમિત્તે ૭૫ વર્ષમાં દેશવાસીઓને કેટલા હકક મળ્યા અને દેશવાસીઓએ કેટલી ફરજ નિભાવી તેનું મનોમંથન પણ કરી રહ્યા છે.

ભારત દેશને આઝા કરીને દેશવાસીઓની સુખ, સુવિધા અને સમૃધ્ધિમાં વધારો થાય તે માટે મહાત્મા ગાંધીથી લઈને શહીદ ભગતસિંહ સહિત લાખો દેશવાસીઓએ આઝાદીની લડાઈનો સંઘર્ષ કર્યો. અનેક દેશપ્રેમીઓએ પોતાની જીંદગીનું બલિદાન આપેલ તો અનેક દેશપ્રેમીઓએ જેલવાસ ભોગવ્યો. અંગ્રેજોનો અમાનુષી ત્રાસ સહન કર્યો અને અંતે દેશ આઝાદ થયો. દેશનું બંધારણ બન્યું અને સમગ્ર દેશ ખૂશીથી ઝુમી ઉઠયો.

૨૬મી જાન્યુઆરી એ દરેક દેશવાસી માટે ગૌરવવંતો દિવસ હોય અમરેલી જિલ્લા સહિત સમગ્ર દેશવાસીઓને આજનાં પવિત્ર દિવસે ખૂબ–ખૂબ શુભકામનાઓ સહ જય હિન્દ.

–મનોજ રૂપારેલ

### આર્થિક સંકડામણનાં કારણે પરેશાન થયા બાદ

# હાય રે મંદી : ધારીનાં ત્રંબકપુર ગામના ર૯ વર્ષિય યુવકે ઝેર પી અંતિમવાટ પકડી

### ગામમાં આવેલ વાડીમાં ઝેરી દવા ગટગટાવી


અમરેલી, તા. ૨૫

ધારી તાલુકાના ત્રંબકપુર ગામે રહેતા સુભાષભાઈ અરવિંદભાઈ વસુન નામના ૨૯ વર્ષિય યુવકે અલગ–અલગ ફાઈનાન્સ કંપનીમાંથી પોતાના લગ્ન માટે લોન લીધેલ હોય, અને લોનના હપ્તા ભરી નહિ શકતા, આર્થિક સંકડામણના કારણે યુવકને મનમાં લાગી આવેલ કે, આ કરતા મરી જાવુ સારૂ તેમ વિચારીપોતે પોતાની મેળે વિનુભાઈ બેચરભાઈ ગોહીલની વાડીએ પડેલ કોઈક ઝેરી દવા પોતે પોતાની મેળે પી જતા મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

### ગીર કાંઠાનાં વિસ્તારમાં ખેડૂતો ચિંતામય

# ખાંભાનાં ગઢીયા ગામના યુવક પર માદા દીપડાએ હુમલો કરતાં ફફડાટ

### વન વિભાગે માદા દીપડાને પીંજરામાં કેદ કર્યો



અમરેલી, તા. ૨૫

અમરેલી જિલ્લાના ગીર કાંઠાના ખાંભા પંથકમાં અવાર નવાર વન્ય પ્રાણીઓ દ્વારા માનવીઓ તથા દુધાળા પશુઓ ઉપર હુમલો કરે છે. ત્યારે બે ત્રણ દિવસ પહેલાં ખાંભાના ગઢીયા ગામે ખેડૂતની વાડીમાં કામ કરતાં યુવાન ઉપર દીપડીએ હુમલો કરતાં ઈજાગ્રસ્ત યુવકને સારવાર અર્થે ધારી બાદ વધુ સારવાર માટે અમરેલી રીફર કરવામાં આવેલ છે. ત્યારે વન વિભાગ દ્વારા દીપડાને પકડવા માટે બે પાંજરા પણ મૂકવામાં આવેલ. જેમાં આ દીપડી ઝડપાય જવા પામેલ છે. આ બનાવમાં જાણવા મળતી વિગત મુજબ ખાંભાના નજીક આવેલ ગઢીયા ગામના ખેડૂત બાભભાઈ મધુભાઈ વાળાની વાડીમાં ખેડૂતની વાડીમાં કુવાનો ગાળ કાઢવાની મજૂરી કામ કરતા અજય સવજીભાઈ કનસાગરા નામના ૨૮ વર્ષિય યુવાન ઉપર અચાનક જ એક દીપડીએ હુમલો કરતાં માથા અને કાનના ભાગે દીપડાએ ઈજાઓ કરી હતી. ઈજાગ્રસ્ત યુવકને સારવાર અર્થે ધારી બાદ વધુ સારવાર માટે અમરેલી રીફર કરવામાં આવેલ છે. જયારે વન વિભાગ દ્વારા દીપડાને પકડવા માટે બે પાંજરા પણ મૂકવામાં આવેલ હતા. જેમાં આ દીપડી ઝડપાય જવા પામેલ છે.

### મુસીબતનાં સમયે કોમી એકતા જોવા મળી

# રાજુલાનાં ખડપીઠમાં આવેલ એક દુકાનમાં વ્હેલી સવારે લાગી આગ

### ફાયર, પોલીસની ટીમે આગ પર કાબુ મેળવ્યો



રાજુલા, તા. ૨૫

રાજુલા ખડપીઠમાં અને શાકમાર્કેટની અંદર આવેલ મનીષ બેંગલ્સમાં વહેલી સવારે આગ લાગી આ આગના સમાચાર રાત્રીનાં નાઈટ ડયુટી કરી રહેલ હોમગાર્ડ જવાનોને મળતા ઘટના સ્થળે દોડી ગયેલ. પરંતુ આ આગ વધુ ભયાનક હોય જેથી ફરજ પરના પોલીસ અધિકારીને જાણ કરવામાં આવેલ. ત્યારે રાત્રી ફરજ બજાવતા જયરાજભાઈ તેમજ કાળુભાઈ ઘટના સ્થળે દોડી આવ્યા અને તાત્કાલિક વીજળી પુરવઠો બંધ કરાવી ફાયરને જાણ કરવામાં આવેલ. ત્યારે ફાયર જયાં સુધી આવે ત્યાં સુધી આજુબાજુના વેપારીઓ, હોમગાર્ડ જવાનોએ બાજુના ઘરના લોકોને જગાડીને પાણીથી આગ બુઝાવવા પ્રયત્ન શરૂ કરેલ. પરંતુ આ આગ એટલી વિકરાળ બનતી જતી હતી કે કાબૂમાં લેવું અતિ કપરી બાબત હતી. આ સમયમાં ફાયરની ટીમ ઘટના સ્થળે આવી. પરંતુ આ આગ લાગી ત્યાં સુધી ફાયર પહોંચી શકે તેવી સ્થિતિ ના હતી દુકાન કોમ્પલેક્ષમાં હોય માર્કેટની અંદર હોય ત્યારે નાનું ફાયર બંધ હોવાથી મોટું ફાયર આવેલ. ત્યારે આ આગને હવે કેવી રીતે કાબૂમાં લેવી તેજ મોટી વાત હતી. ત્યારે આ વિસ્તારમાં રહેતા અમૂલખ મશીનરી વાળા વેપારીને ફોન કરેલ અને આગની ઘટનાની વાત કરતા તેમણે તેજ સમયે રાત્રીના દુકાન ખોલી ૪૦૦ ફૂટ પાઈપ કાઢી આપ્યો અને ફાયરમાંથી પાણી શરૂ કરેલ. પરંતુ લાઈટ ના હોવાથી તકલીફ પડી રહેલ હતી. ત્યારે આ વિસ્તારના ઈલેકિટ્રકના વેપારી હનુમંત ઈલેકિટ્રક વાળા નરેશભાઈને ઘટનાની જાણ થતાં તેમણે તાત્કાલિક દુકાન ખોલીને ચાર્જિંગ બેટરીઓ કાઢી આપેલ. સતત બે કલાકની ભારે જહેમત બાદ આ આગ કાબૂમાં લેવામાં સફળતા મળેલ. હાલ આ આગ કેવી રીતે લાગી અને કેટલું નુકશાન થયું તેની માહિતી મળી શકી નથી.

### અમરેલીના જિલ્લાના દરિયાકાંઠે બ્રોડગેજ રેલ્વેથી પ્રાણીઓ પર સતત જોખમ

# અરેરાટી : રાજુલાના ભેરાઇ નજીક ૧૬ નંબર ફાટક પાસેથી પસાર થઇ રહેલ ગુડ્સ ટ્રેન હડફેટે આવી જવાથી ૭ ભેંસનાં મોત

### રેલ્વે વિભાગ પાસે પ્રાણીઓની સુરક્ષા થઇ શકે તેવું કોઇ નેટવર્ક જ નથી



અમરેલી, તા. ૨૫

રાજુલા તાલુકાના ભેરાઈ નજીક ૧૬ નંબરના ફાટક નજીક એક પસાર થઈ રહેલ ગુડ્સ ટ્રેનની હડફેટે ચારો ચરતી ૭ ભેંસ આવી જતાં કપાઈ જવા પામેલ છે.

જયારે અમરેલી જિલ્લાનો રેલ્વે ટ્રેક ફરી એક રકતરંજીત થયો છે અને સિંહો માટે ગોઝારો બનેલ રેલ્વે ટ્રેક ભેંસો માટે પણ મોતનો ટ્રેક બન્યો હતો. આ બનાવની જાણ થતાં વનવિભાગ, રેલ્વે વિભાગ અને પોલીસ સ્ટાફ ઘટના સ્થળે પહોંચી જઈ કાર્યવાહી હાથ ધરેલ છે.

આ બનાવમાં જાણવા મળતી વિગત મુજબ રાજુલા તાલુકાના ભેરાઈ નજીક ૧૬ નંબરના ફાટક નજીક એક પસાર થઈ રહેલ ગુડ્સ ટ્રેનની હડફેટે આવી જતા ઘાસચારો ચરતી ૭ ભેંસો કપાઈ જતાં ૭ ભેંસો મોતને ભેટી હતી.

આમ અમરેલી જિલ્લાનો રેલ્વે ટ્રેક ફરી એક રકતરંજીત થયો છે અને સિંહો માટે ગોઝારો બનેલ રેલ્વે ટ્રેક ભેંસો માટે પણ મોતનો ટ્રેક બન્યો હતો. આ બનાવની જાણ થતાં વનવિભાગ, રેલ્વે વિભાગ અને પોલીસ સ્ટાફ ઘટના સ્થળે પહોચી જઈ કાર્યવાહી હાથ ધરેલ છે.

આમ છાશવારે રેલ્વે ટ્રેક ઉપર વન્ય અને દુધાળા પશુઓ ફરતા હોય અને અકસ્માતે આવા કિંમતી પશુઓ મોતને ભેટતાં હોય રેલ્વે ટ્રેક ઉપર વન્ય અને દુધાળા પશુઓ માટે સુરક્ષાની વ્યવસ્થા કરવી જરૂરી બની છે

# રાજુલા ખાતે મતદાતા દિવસની ઉજવણી કરવામાં આવી



રાજુલા, તા. ૨૫

રાજુલા ખાતે પ્રાંત અધિકારી ડો.મેહુલકુમાર બરાસરાની અધ્યક્ષતામાં ૧૪માં રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણી કરવામાં આવી. જેમાં કોલેજનાં વિદ્યાર્થીઓએ બહોળી સંખ્યામાં હાજરી આપી. નાયબ મામલતદાર હિતેષભાઈ કાતરીયા દ્વારા ભારતનું બંધારણ, મતદાનનું મહત્વ વિગેરે વિશે વિસ્તૃત રીતે વિદ્યાર્થીઓને સમજ આપવામાં આવી. પ્રાંત અધિકારી–રાજુલા દ્વારા યુવા મતદારોને મતદાર નોંધણી માટે સમજૂતી આપવામાં આવી. ત્યારબાદ રાજુલા વિધાનસભામાં કામગીરી કરનાર બી.એલ.ઓ. તથા સુપરવાઈઝરને પ્રમાણપત્ર પ્રાંત અધિકારી દ્વારા પ્રમાણપત્રો એનાયત કરી નવાજવામાં આવ્યા. અંતમાં રાજય ચૂંટણી પંચ દ્વારા 'હું છું ભારત' શિર્ષક તળેની મતદાર જાગૃતિ તથા મતદાતાની ફરજ અને હકને વર્ણવતી વિડીયો સ્લાઈડ બતાવવામાં આવી.

આ તકે પ્રાંત અધિકારી ડો. મેહુલકુમાર બરાસરા, નાયબ મામલતદાર હિતેષભાઈ કાતરીયા, નાયબ મામલતદાર એલ.વી. સમ્મર, નાયબ મામલતદારી ડી.બી. પરમાર, કોલેજમા આચાર્ય ડો.રીટાબેન રાવળ, સેકેટરી, બાલકૃષ્ણભાઈ ત્રિવેદી, કેમ્પસ મેનેજર રવિભાઈ વ્યાસ, કેમ્પસ ડાયરેકટર ડો. જીગ્નેશભાઈ વાજા, કોલેજ અધ્યાપક ગણ અને એન.એસ.એસ. વિદ્યાર્થિની બહેનોની હાજરીમાં સંપન્ન થયેલ.

# ધુળિયા આગરિયા ખાતે ખેડૂતોને ઓર્ગેનિક ખેતી અંગે માર્ગદર્શન અપાયુ



રાજુલા, તા. ૨૫

સીએસપીસી સંસ્થા અને લુઈસ ડ્રેફસે ફાઉન્ડેશન(એલ.ડી.એફ. પ્રોજેકટ) ના સહયોગથી રાજુલા તાલુકાના ગામોમાં સસ્ટેનેબલ એગ્રીકલ્ચર પ્રોજેકટ ઉપર કામ કરે છે, રાજુલા સી.એસ.પી.સી. સંસ્થાના કલસ્ટર મેનેજર અનુરાગ ચતુર્વેદીના માર્ગદર્શન અને સંસ્થાના એગ્રીકલ્ચર ઓફિસર જયેશ મારૂ દ્વારા જણાવેલ કે રાજુલા તાલુકાના મુખ્ય પાકો કપાસ, મગફળી, ચણા અને ડુંગળી તેમજ બાગાયત પાકોની ખેડૂતોને સમયાંતરે મીટીંગ, ટ્રેનીંગ અને ફિલ્ડ ડે ના માધ્યમથી ખેતીની નવી–નવી માહિતી આપવામાં આવે છે અને ભારત દેશના વડાપ્રધાન અને ગુજરાત રાજયના રાજયપાલની ઓર્ગેનીક ખેતીને પ્રાધાન્ય આપી રહ્યા છે. ત્યારે સંસ્થા દ્વારા ખેડૂતોને ઓર્ગેનીક ખેતી વિશેની વિસ્તૃત સમજ આપી બાયો અને ઓર્ગેનિક પ્રોડકટના વપરાશ વિશેની માહિતી આપવામાં આવે છે. ખાલી જગ્યામાં આંતર પાકનું વાવેતર કરવું જેથી કરીને જમીનનો ઉપયોગ થાય અને નાણાકીય વળતર પણ મળી રહે અથવા ઘાસચારાનું વાવેતર કરવું વગેરે બાબત ઉપર ચર્ચા કરવામાં આવી. આ કામગીરીમાં સંસ્થાના કર્મચારી ઊર્મિબેન દ્વારા ખેડૂતો સુધી પહોચી જરૂરી મદદ કરેલ છે અને સમયાંતરે સંસ્થાના કર્મચારીના માર્ગદર્શન હેઠળ આ પ્રવૃત્તિ સારી રીતે કરવામાં આવી છે.

### આજનાં બાળકોમાં સહનશકિતનો અભાવ

# બગસરાની તરૂણીએ વતનમાં જવા ન મળતા ગળાફાંસો ખાઈ અંતિમવાટ પકડી

### લોખંડનાં પાઈપ સાથે દોરી બાંધી ગળાફાંસો ખાધો

અમરેલી, તા. ૨૫

બગસરા ગામે રહેતી શિતલબેન દિનેશભાઈ પારગી નામની ૧૭ વર્ષિય તરૂણીને વતનમાં જવુ હોય જેથી તેના પિતાએ કહેલ કે થોડા દિવસ પછી જઈશુ. જેથી તેણી ગુમસુમ રહેતી હોય અને પોતે પોતાની મેળે લાગી આવતા રૂમની અંદર આવેલ લોખંડના પાઈપ સાથે દોરી બાંધી ગળાફાંસો ખાઈ જઈ મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

### અવારનવાર થતાં અકસ્માતનાં બનાવ ઘટતા નથી

# ઉના : દર્દીને લઈ જતી ૧૦૮ એમ્બ્યુલન્સ અને કાર વચ્ચે અકસ્માત

### એમ્બ્યુલન્સ ગીર ગઢડાથી રિફર કરાયેલ દર્દીને ઉના લઈ જતી હતી



તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના

ઉના, તા. ૨૫

ઉના ગીરગઢડા રોડ પર અવાર નવાર નાના મોટા અકસ્માતનો સિલસિલો યથાવત જોવા મળી રહ્યો છે ત્યારે ગીરગઢડા સિવિલ હોસ્પિટલમાંથી રિફર કરાયેલ દર્દીને જીજે ૧૮ જીપી ૮૨૯૧ નંબરની એમ્બ્યુલન્સમાં લઈ ચાલક નરસિંહ બાંભણીયા તથા ઈએમટી રાયસી બાંભણીયા ઉના રહેલ હોય ત્યારે ઉનાના ગીર ગઢડા રોડ પર આવેલ આધાર મોલ પાસે પહોંચતા એમ્બ્યુલન્સનાં આગળના ભાગે જતી જીજે૦૬ પીજી૨૭૬૧ નંબરની કારનાં ચાલક ગંભીરભાઈ બલદાણીયા રહે. લોર તા. જાફરાબાદ વાળાએ આગળ ના વાહન ચાલકને બચાવવા માટે કારને અચાનક બ્રેક કરતા પાછળથી આવતી ૧૦૮ એમ્બ્યુલન્સે ઠોકર મારતા કાર અને એમ્બ્યુલન્સમાં નુકસાન થયું હતું.

### અયોધ્યામાં રામમંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ નિમિત્તે

# લાયન્સ કલબ ઓફ અમરેલી મેઈન દ્વારા બ્લડ ડોનેશન કેમ્પ તથા ડાયાબિટીશ ચેકઅપ કેમ્પ યોજાયો

### મોટી સંખ્યામાં જરૂરીયાતમંદોએ લાભ લીધો



અમરેલી, તા. ૨૫

અયોધ્યામાં રામમંદિર પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે લાયન્સ કલબ ઓફ અમરેલી મેઈન દ્વારા રામજી મંદિર ખાતે બ્લડ ડોનેશન કેમ્પ તથા ડાયાબીટીશ ચેક અપ કેમ્પ યોજાયેલ. વેદ વોલન્ટરી બ્લડ બેંક તેમજ શીતલ આઈસ્ક્રીમનો સહયોગ રહેલ. સાથોસાથ જલારામ મંદિર–અમરેલી ખાતે પણ આ કેમ્પો યોજાયા હતા. બંને કેમ્પોમાં બ્લડ ડોનેશન તેમજ ડાયાબિટીશ ચેકઅપ ઘણા બધા નાગરિકોએ લાભ લીધેલ. આ કેમ્પમાં પ્રમુખ, ખજાનચી, શીતલ પરિવાર, વેદ વોલન્ટરી બ્લડ બેંકનાં કાર્યકરો તથા લાયન્સ કલબ પરિવાર હાજર રહેલ. અન્ય નગરજનો પણ મુલાકાતે આવેલ. તેમ યાદીમાં જણાવેલ છે.

## ૭૫માં પ્રજાસત્તાક પર્વ નિમિત્તે હાર્દિક શુભકામનાઓ

**બગસરા નાગરીક શરાફી સહકારી મંડળી લી. બગસરા**

મુખ્ય ઓફીસ :- શ્રી અરવિંદભાઈ મણીયાર ભવન, બગસરા. જી. અમરેલી. ફોન :- ૦૨૭૯૨ ૨૨૨૨૫૮



26TH January
HAPPY REPUBLIC DAY

શ્રી રશ્વિનભાઈ પી. ડોડીઆ
ચેરમેનશ્રી

ડી.જી. મહેતા
જનરલ સેક્રેટરી

નિતેષ ડોડીઆ
જનરલ એમ.ડી.

**બગસરા નાગરીક શરાફી સહકારી મંડળી લી. બગસરા**



## ૭૫માં પ્રજાસત્તાક પર્વ નિમિત્તે હાર્દિક શુભકામનાઓ

Happy Republicday Day

"अपना गणतंत्र अपना संविधान है
भारतीय होने पर हमें अभिमान है"



**શ્રી મનિષ ભંડેરી**
પ્રમુખ
તાલુકા કોંગ્રેસ અમરેલી



## ૭૫માં પ્રજાસત્તાક પર્વ નિમિત્તે હાર્દિક શુભકામનાઓ

HAPPY REPUBLIC DAY 26 JANUARY

गणतंत्र हमारा अभिमान है
तिरंगा हमारी शान है

: શુભેચ્છક :

**શ્રી વિનુભાઈ રવજીભાઈ રૈયાણી - ચેરમેન**
**શ્રી હરસુરભાઈ ભાણાભાઈ વાઘ - વાઈસ ચેરમેન**
તથા તમામ બોર્ડ ઓફ ડિરેક્ટર્સ અને કર્મચારીગણ....

**શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ ખાંભા**
મુ. ખાંભા, તા. ખાંભા, જી. અમરેલી.



## ૭૫માં પ્રજાસત્તાક પર્વ નિમિત્તે હાર્દિક શુભકામનાઓ

26 January RepublicDay

भारत के गणतंत्र का, सारे जग में मान,
दशकों से खिल रही, उसकी अद्भुत शान,
सब धर्मों को देकर मान रचा गया इतिहास का
इसलिए हर देशवासी को इसमें है विश्वास ||
गणतंत्र दिवस की ढ़ेरो शुभकामनाए

: શુભેચ્છક :

# મધુરમ કન્સ્ટ્રકશન કું.

**શ્રી રમેશભાઈ નારીયા - જુનાગઢ**



## ૭૫માં પ્રજાસત્તાક પર્વ નિમિત્તે હાર્દિક શુભકામનાઓ



26th January
HAPPY REPUBLIC DAY
INDIA

: શુભેચ્છક :

**શ્રી જે. આર. વાળા (એડવોકેટ)**
સેક્રેટરી : અમરેલી જીલ્લા વકીલ મંડળ
: અમરેલી :



## ૭૫માં પ્રજાસત્તાક પર્વ નિમિત્તે હાર્દિક શુભકામનાઓ

सभी पर भारतीयता का रंग छा जाए
गणतंत्र दिवस की ढेर सारी शुभकामनाएं

ॐ भूर्भुवः स्वः तत्सवितुर्वरेण्यं भर्गो देवस्य धीमहि धियो यो नः प्रचोदयात्

શ્રી યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ ચલાલા દ્વારા સંચાલિત
હરીબેન ભગવાનજી લાલજી તેજુરા
**હરીબા મહિલા કોલેજ**




SWARNIM GUJARAT SPORTS UNIVERSITY

**B.P.E.S.**
Bachelor of Physical Education and Sports



**મહેશભાઈ મહેતા**
ડાયરેકટર/ભારત ભુષણ સન્માનીત



**પૂ. રતિદાદા (મેનેજીંગ ટ્રસ્ટી)**
યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ-ચલાલા





ગાયત્રી સંસ્કાર કેન્દ્ર | શ્રીરામ હોસ્પિટલ | શિવ બાલાશ્રમ (અનાથ આશ્રમ) | માતા-પિતાનું ઘર (વૃધ્ધાશ્રમ) | ગાયત્રી સંસ્કાર વિદ્યાલય ધો.૧ થી ૧૨ | શ્રી કૃષ્ણ ગૌ-શાળા

**ગાયત્રી સંસ્કાર કેન્દ્ર, ધારી રોડ, મીઠાપુર (ડું.) ચલાલા.**

તદ્દન મફત/વિના મુલ્યે આયુર્વેદિક વિભાગ દ્વારા આયોજીત કેમ્પ ૧ દિવસથી ૧૨ વર્ષનાં બધા બાળકોને શિબિરમાં ડ્રોપ્સ આપવામાં આવશે.

પુષ્યનક્ષત્ર ના શુભ અવસરે સુવર્ણપ્રાશન સંસ્કાર

દ્વારા આપના બાળકને આપો સંપૂર્ણ સ્વાસ્થ્યની સૂવર્ણ ભેટ

તા.૨૫–૨૬, ગુરૂ–શુક્ર જાન્યુઆરી–૨૦૨૪ | સમય : સવારનાં ૯ થી ૧, સાંજના ૫ થી ૮ સુધી

સુવર્ણપ્રાશન દરરોજ પણ આપી શકાય છે | વધુ માહિતી માટે રૂબરૂ મુલાકાત લો.



કેમ્પનું સ્થળ : નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ - સંચાલિત

નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ આયુર્વેદ હોસ્પિટલ (ગોળ દવાખાનું)

ચિતલ રોડ, અમરેલી. મો. ૯૯૭૮૯ ૬૬૬૨૯

આયુર્વેદ ઈમ્યુનાયઝેશન ફાયદાઓ

- યાદશકિત અને ગ્રહણશકિતમાં વધારો
- આયુર્વેદીક રસીકરણ
- ઉંમર પ્રમાણે વજન અને ઉંચાઈનો વધારો
- પાચનશકિતમાં વધારો
- રોગપ્રતિકારક શકિત વધવાથી સીઝનલ રોગો ઓછા થવા
- મગજતેજ અને બાળક ઉત્સાહી બને


જિલ્લા ભાજપના પૂર્વ પ્રમુખ હિરેન હિરપરાની માંગ

# અમરેલી : નિરાધાર વૃદ્ધ સહાય અને વિધવા સહાયની રકમમાં વધારો કરો

## રાજયના મુખ્યમંત્રીને પત્ર પાઠવવામાં આવ્યો

અમરેલી, તા. ૨૫

દેશના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા વંચિતોના વિકાસ માટે અનેક સહાય યોજનાઓ અમલમાં મુકીને જેના હિસાબે અનેક નોધારા પરિવારે આર્થિક ફાયદો થાય છે, વૃદ્ધ પેન્શન (વયવંદના) તેમજ નિરાધાર વૃદ્ધ સહાય યોજનામાં લાભાર્થીઓને આર્થિક મદદ કરવામાં આવે છે, જયારે ગંગા સ્વરૂપા બહેનો માટે વિધવા સહાય યોજના ખાલી છે. ભાજપ સરકાર દ્વારા સમયે સમયે લાભાર્થીઓને મળતી



સહાયમાં વધારો કર્યો છે, વર્તમાન સમયમાં મોંઘવારી વધતા સહાય પર નિર્ભર વૃદ્ધો અને ગંગા સ્વરૂપા બહેનોને ગુજરાન ચલાવવું મુશ્કેલ બને છે, આથી નિરાધાર વૃદ્ધ સહાય અને વિધવા સહાય યોજનાની રકમ ડબલ કરવા રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને રાજયના સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી ભાનુબેન બાબરીયાને પત્ર લખીને ગુજરાત પ્રદેશ ભાજપ કિસાન મોરચાના મહામંત્રી હિરેન હિરપરાએ રજુઆત કરી છે.

# અમરેલી જિલ્લામાં દેશની નંબર–૧ ન્યુઝ ચેનલ આજતકનાં રિપોર્ટર તરીકે ફારૂક કાદરી

સાવરકુંડલા, તા. ૨૫

અસ્થિર મનના માનવીને રસ્તાઓ જડતા નથી તો અડગ મનના માનવીને હિમાલય પણ નડતો નથી તે કહેવત ખરા અર્થમાં સાર્થક સાબિત કરી હોય તો તે છે ફારૂક કાદરી.

સાપ્તાહિક અખબારની પત્રકારત્વ ક્ષેત્રની શરૂઆત કરનારા ફારૂક કાદરી કલમ યુદ્ધ જેવા સાપ્તાહિક અખબારથી પત્રકારત્વ ક્ષેત્રે પા પા પગલી કરીને અમરેલી જિલ્લાનું અવધ ટાઈમ્સ, અમરેલી એકસપ્રેસ, દિવ્ય ભાસ્કર, ગુજરાત સમાચાર જેવા અખબારોમાં પત્રકારત્વ કરીને કારકિર્દી આગળ ધપાવનાર ઈલેકટ્રોનિક મીડિયામાં પણ ગુજરાત સમાચારનું જી.એસ.ટીવી, બાદ એબીપી અસ્મિતા અને બી.બી.સી.ન્યુઝ જેવા



મોટા ગજાનાં ન્યુઝ ચેનલોમાં કામ કરીને ખ્યાતિ પ્રાપ્ત કરી અને અખબારો અને ટીવીનાં માધ્યમથી પ્રાણ પ્રશ્નો ઉજાગર કર્યા તો દરિયાઈ પટ્ટીમાં આવતા ભયંકર તોફાનો સમયે પણ દરિયાકાંઠે રીપોર્ટીંગ કરીને પળે પળની ખબરો ટીવીનાં માધ્યમથી ઘર ઘર સુધી પહોંચેલા ફારૂક કાદરીએ દેશની નંબર–૧ ગણાતી આજતક ન્યુઝ ચેનલમાં અમરેલી જિલ્લાનાં રિપોર્ટર તરીકે નિમણુંક થતાં શુભેચ્છા, રાજકીય મહાનુભાવો, શુભ ચિંતકો દ્વારા શુભકામનાંઓનો ધોધ વછુટયો છે. દેશમાં સૌથી ઝડપી અને સબસે તેજ તરીકે ખ્યાતિ પામેલા ન્યુઝ ચેનલોમાં દેશની સૌથી લોકપ્રિય ન્યુઝ ચેનલ આજતક ન્યુઝ ચેનલ સાથે સોશીયલ મીડિયાનું ૧૦ લાખ સબ્સ્ક્રાઈમ ધરાવતી ઈન્ડીયા ટુડે ગ્રૂપની ગુજરાત તક ચેનલનાં પણ હવેથી અમરેલી જિલ્લાની સમસ્યા, રાજકીય ન્યુઝ સહિત જિલ્લાની વેદનાઓને કેન્દ્ર સુધી પહોંચાડવાનાં માધ્યમના સારથી બનેલા ફારૂક કાદરીને ૯૪૦૯૩૨૭૨૨૭ પર અભિનંદનની વર્ષા થઈ રહી છે.

# ખાંભામાં ક્ષત્રિય યુવાનને સોનાના દાગીના મળતા મૂળ માલિકને પરત કરી પ્રમાણિકતાનું ઉદાહરણ પુરૂ પાડયું

ખાંભા, તા. ૨૫

ખાંભાના અશ્વપ્રેમી અને ક્ષત્રિય યુવાન એવા નાગભાઈ ભીખુભાઈ બાબરીયાને ખાંભા ગાંધી ચોકમાં રામ મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો હતો. તેમાં નાગભાઈ પોતાનો અશ્વ લઈને આવેલા હતા. ત્યારે પોતાની નજરે એક સોનાની ટ્રોટીઅંદાજીત ૩૦૦૦૦/– હજારની હતી ઝડતા એમણે લઈ સ્ટેજ પર આયોજકને જાણ કરતા રાજુભાઈ હરિયાણી દ્વારા એલાઉન્સ કરવામાં આવ્યું હતું કે ખરાઈ કરીને સોનાની ટ્રોટી ત્યારે બે દિવસ બાદ મૂળ માલિક



તસ્વીર : ભાવિક કળસરીયા–ખાંભા

કમળાબેન મનુભાઈ રાઠોડને નાગભાઈ બાબરીયાએ ખાંભાના આગેવાનો સાથે રાખી મૂળ માલિકને પરત કરી પ્રમાણિકતાનું ઉદાહરણ પૂરું પાડયું હતું. યુવાનની પ્રમાણિકતાને આગેવાનો દ્વારા બિરદાવવમાં આવી. તેમા સરપંચના પ્રતિનિધિ તેમજ આગેવાનોની હાજરીમા મૂળ માલિકને સોંપેલ.

# સાવરકુંડલા ખાતે શકિતગૃપ દ્વારા ગરીબ પરિવારોને ધાબળા વિતરણ



અમરેલી, તા. ૨૫

અમરેલી શિયાળામાં શકિતગૃપનાં યુવાનોની સરાહનીય કામગીરી લોકોનાં મળ્યા આશીર્વાદ. અમરેલી શહેરમાં શિયાળાની ઠંડીમાં ધાબળા વિતરણ કર્યુ ને જાણવા મળ્યું કે સાવરકુંડલામાં પણ જરૂરીયાતમંદને ધાબળાની જરૂર છે તુરંત જ યુવાનો ધાબળા લઈને સાવરકુંડલા જુદા જુદા વિસ્તારોમાં ફરીને ધાબળા સાથે પહોંચ્યા સાથે દોલતી ગામમાં એક માજીને ગૃપના મહેશભાઈ ડાંગરે ધાબળા આપ્યા. સાવરકુંડલા ગૃપના પ્રમુખ ગૌતમભાઈ વાળાના માર્ગદર્શન હેઠળ પરેશ પરમાર, જયેશભાઈ રાઠોડ, વિમલભાઈ જેઠવા દ્વારા વિતરણ કર્યુ.

# ચલાલા : યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટનાં મહેશભાઈ મહેતાનાં જન્મદિવસની ઉજવણી





ચલાલા, તા. ૨૫

યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ ચલાલાનાં ડાયરેકટર ભારતભૂષણ મહેશભાઈ મહેતાનાં જન્મદિવસનું અનોખી રીતે આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સવારથી જ સ્કુલનાં બધા બાળ કોને ચોકલેટ કેક આપી તેમજ ગરીબ અને જરૂરિયાતમંદ બાળકોને અડદિયા અને ગાયોને લીલું નાખીને અનોખી રીતે જન્મ દીવસ ઉજવાયો.

તેમજ ચલાલા ગામમાંથી અનેક મહાનુભાવો આશીર્વાદ અને શુભકામના પાઠવવા પધાર્યા હતા. જેમાં ચલાલા પી.એસ.આઈ. ગોહિલ તેમજ વકીલ મંડળનાં પ્રમુખ વનરાજભાઈ વાળા, સિદ્ધરાજભાઈ ભગત, તેમજ વકીલ વાળા, મનસુખદાદા, સંસ્થાનાં વડા પૂ. રતિદાદા, પ્રદ્યુમનભાઈ જોષી, જયરાજભાઈ વાળા, સંજયભાઈ ભુવા, અશ્વિનભાઈ કાછડીયા, હર્ષદભાઈ ભગત, રણજીતભાઈ ભગત.

સાથે ગાયત્રી કારીગર મંડળ નાં પ્રમુખ જયેશભાઈ માંડવીયા, ભુપતભાઈ માંડવીયા, વિપુલભાઈ પરમાર, અજયભાઈ મિસ્ત્રી, ભીખુભાઈ ચૌહાણ, ભરતભાઈ હસુભાઈ ટાંક, અશ્વિનભાઈ મકવાણા, શૈલેષભાઈ માંડવીયા સહિત અનેક કારીગર મિત્રો ઉપસ્થિત રહી આશીર્વાદ અને શુભકામના પાઠવી હતી.

સ્થાનિકો કહે છે કે દીપડાનું કૃત્ય અને વન વિભાગ કહે છે કે શ્વાનનું કારસ્તાન

# અમરેલીના ચકકરગઢ માર્ગ ઉપર ખેતીવાડી તાલીમ કેન્દ્ર નજીક બે ગાયોના કમકમાટી ભર્યા મોત

## ગૌપ્રેમીઓમાં ગાયનાં મૃતદેહ નિહાળીને નારાજગી

અમરેલી, તા. ૨૫

અમરેલીના ચકકરગઢ માર્ગ ઉપર ખેતીવાડી તાલીમ કેન્દ્ર નજીક ગત મોડી રાત્રીએ બે ગાયોના મૃતદેહ ફાડી ખાધેલ હાલતમાં મળી આવતા સમગ્ર પંથકમાં અરેરાટીનો માહોલ ઉભો થયો છે.

આ બનાવ અંગે સ્થાનિકોનું માનવું છે કે દીપડાએ ગાયોને મોતને ઘાટ ઉતારી છે તો વન વિભાગ દ્વારા ગાયના મોત પાછળ રખડુ શ્વાન જવાબદાર હોવાનું જણાવીને ગાયના મૃતદેહનો નિકાલ કર્યો હતો.



બસ, હોડી, બાઈક બાદ ટ્રકમાં દારૂની હેરફેર ઝડપાઈ

# દામનગર નજીક ટ્રકમાં લઈ જવાતો વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો

## મોરબીનાં રહેવાસી સામે કાર્યવાહી શરૂ

અમરેલી, તા. ૨૫

મોરબી ગામે રહેતા આરોપી સુરેશભાઈ ઠાકરશીભાઈ સોનાગ્રા નામના આરોપીએ પોતાના કબ્જામાં ગેરકાયદેસર વગર પાસ પરમીટે ભારતીય બનાવટની વિદેશી દારૂની રીંગ પેક બોટલો નંગ–૭૧, કિંમત રૂા.૨૬,૨૭૦ તથા બોટલ નંગ–૧૨ કિંમત રૂપિયા ૩૯૬૦ તથા બીજી બ્રાન્ડની બોટલ નંગ–૧૨ કિંમત રૂપિયા ૧૮૦૦ તથા બીયર ટીન નંગ–૨૪ કિંમત રૂપિયા ૨૭૬૦ મળી કુલ રૂપિયા ૩૪,૭૯૦ તથા મોબાઈલ ફોન કિંમત રૂપિયા ૩૦૦૦ તથા આઈસર કંપનીના ટ્રક જીજે ૦૨ એકસ એકસ ૯૭૯૮ કિંમત રૂપિયા ૭,૦૦,૦૦૦ માં ભારતીય બનાવટના દારૂના મુદ્દામાલ દામનગર નજીક આવેલ નારણનગર, સંત દેવીદાસ જગ્યાની સામે ઢસા રોડ ઉપરથી હેરાફેરી કરતા કુલ રૂપિયા ૭,૩૭,૭૯૦ ના મુદ્દામાલ સાથે રેઈડ દરમ્યાન પકડાઈ જતા પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

પ્રતિમાનાં અર્પણકર્તા ગોપાલભાઈ વસ્તરપરાની ઉપસ્થિતિમાં

# વડિયાનાં ચારણીયાથી લઈને સનાળી સુધીનાં ૧૦ ગામોમાં આજે સરદાર પટેલની પ્રતિમાનું અનાવરણ

## નાયબ દંડક કૌશિક વેકરિયા પણ સહયોગમાં જોડાશે

અમરેલી, તા. ૨૫

વડિયાનાં જુદા–જુદા ૧૦ ગામોમાં આવતીકાલ પ્રજાસત્તાક દિને ચમારડીનાં વતની અને સુરત સ્થિત ભામાશા અને સરદાર પટેલની પ્રતિમાનાં અર્પણકર્તા ગોપાલભાઈ વસ્તરપરાની ઉપસ્થિતિમાં સરદાર પટેલની પ્રતિમાનું અનાવરણ કરવાનાં કાર્યક્રમો યોજાશે.

જેમાં સવારે ૯ કલાકે ચારણીયા, ૯–૩૦ કલાકે બરવાળા બાવળ, ૧૦ કલાકે ભૂખલી સાંથલી, ૧૧ કલાકે ખજુરી, ૧૨ કલાકે તરઘડી, ૩ કલાકે ખડખડ, ૩–૩૦ કલાકે



ખાખરીયા, ૪–૩૦ કલાકે સુર્યપ્રતાપગઢ, ૫ કલાકે ઉજળા અને ૫–૩૦ કલાકે સનાળી ખાતે કાર્યક્રમ યોજાશે.

આ તકે નાયબ દંડક કૌશિક વેકરિયા, વડિયાનાં અગ્રણી છગનભાઈ ઢોલરીયા પણ ઉપસ્થિત રહેશે.

# કતારગામ ખાતેના ગજેરા વિદ્યાભવનમાં રકતદાન કેમ્પ યોજાયો




શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ગજેરા વિદ્યાભવન કતારગામ ખાતે પ્રજાસત્તાક પર્વના પૂર્વ દિવસે બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતુ. આ કેમ્પમાં શાળાના કર્મચારીઓ, વાલીઓ અને લક્ષ્મી ડાયમંડના કર્મચારીઓએ રકતદાન કરી જીવન રક્ષક અભિયાન માટે પોતાનું યોગદાન આપ્યું હતુ. સુરત જિલ્લાના જિલ્લા શિક્ષણ અધિકારી ડો. ભગીરથસિંહ પરમાર, લોકદ્રષ્ટિ ચક્ષુ બેંક ના પ્રમુખ ડો. પ્રફુલભાઈ શિરોયા, લોક સમર્પણ રકતદાન કેન્દ્રના પ્રમુખ હરિભાઈ કથીરીયા અને કતારગામ ઝોનના આરોગ્ય અધિકારી ડો. અલ્પેશભાઈ ખત્રી વિશેષ ઉપસ્થિત રહી રકતદાતાઓનું અભિવાદન કર્યુ હતુ. ગજેરા ટ્રસ્ટ વતી ટ્રસ્ટી બકુલભાઈ ગજેરાએ મહેમાનોનું સ્વાગત કર્યુ હતુ. ૨૫ જાન્યુઆરીએ યોજાયેલા આ કેમ્પમાં કુલ ૧૮૯ યુનિટ રકત એકઠું કરવામાં આવ્યું હતુ. ગજેરા ટ્રસ્ટ છેલ્લા ૩૦ વર્ષથી નિયમિત રીતે વર્ષમાં બે વખત રકતદાન કેમ્પ થકી રકતદાતાઓ પાસેથી રકત એકઠું કરી જીવન રક્ષક અભિયાન ચલાવી રહયું છે. શાળાના મેનેજિંગ ટ્રસ્ટ ચુનીભાઈ ગજેરાના માર્ગદર્શન હેઠળ અવિરત પણે આ સામાજિક પ્રવૃત્તિ ચાલી રહી છે. રકતદાન કેમ્પસની સફળતા માટે ચુનીભાઈ ગજેરાએ લોક સમર્પણ રકતદાન કેન્દ્ર અને શાળાના સ્વયંસેવક કર્મચારીઓ નો આભાર વ્યકત કર્યો હતો.

## ૭૫માં પ્રજાસત્તાક પર્વ નિમિત્તે હાર્દિક શુભકામનાઓ

**Magico Do Mar Beach Resort**

Ahemdpur Mandvi Blue Flage beach Ghoghala, Diu. (India)

દીવમાં સૌથી સુંદર રમણીય બીચ પર સહ પરિવાર પધારો...
ઈન્જોય કરો મેજીકો દો માર બીચ રીસોર્ટ નાં સંગાથે...

શાંત રમણીય, નયનરમ્ય વાતાવરણમાં
વિનય વિવેકી સ્ટાફ...

Magico Do Mar Beach Resort

At Diu Checkpost, Ahmedpur Mandvi, Ta. Una,
Dist.Gir-Somnath Gujarat 362510 (india)
Ph.02875-252567
Email : magicodomar@gmail.com
Website : www.magicodomardiu.com



Magico Do Mar Beach Resort

Srawansing Rathore (Manager) + 91 9904561718 - 9824248500
9723283700 - 6352835060



## ૭૫માં પ્રજાસત્તાક પર્વ નિમિત્તે હાર્દિક શુભકામનાઓ



Happy Republicday Day 26 January

: શુભેચ્છક :

શ્રી મનુભાઈ વલ્લભભાઈ દેસાઈ
(અધ્યક્ષ : શ્રી ખોડલધામ સમાધાન પંચ : અમરેલી)
(પ્રમુખ : અમરેલી જિલ્લા ટીમ્બર માર્ટ એસોસીએશન)
શ્રી ભગવાનભાઈ વલ્લભભાઈ દેસાઈ
શ્રી જયસુખભાઈ મનુભાઈ દેસાઈ
શ્રી વિજયભાઈ ભગવાનભાઈ દેસાઈ

દેસાઈ & કું. દેસાઈ કોટેક્ષ ચિતલ
બટરફલાય વુડસ ગાંધીધામ



## ૭૫માં પ્રજાસત્તાક પર્વ નિમિત્તે હાર્દિક શુભકામનાઓ

26 January RepublicDay

आज़ादी की कभी शाम ना होने देगे,
शहीदो की कुर्बानी बदनाम ना होने देगे,
बची है जो 1 बूँद भी लहू की तो,
भारत मा का आँचल नीलम ना होने देगे!!
Happy Republic Day

: શુભેચ્છક :

શ્રી દીપકભાઈ માલાણી – પ્રમુખ | શ્રી રાજુભાઈ માલાણી – મેનેજર

તથા તમામ ડિરેક્ટરશ્રીઓ તેમજ કર્મચારીગણ...

**સાવરકુંડલા તાલુકા ખરીદ વેચાણ સંઘ-સાવરકુંડલા**



## ૭૫માં પ્રજાસત્તાક પર્વ નિમિત્તે હાર્દિક શુભકામનાઓ

S.M.G.K. શૈક્ષણિક સંકુલ એટલે... K.G. થી આર્ટસ-સાયન્સ કોલેજ

ગુજરાતી અને અંગ્રેજી માધ્યમમાં તમામ જ્ઞાતિઓના દિકરા-દિકરીઓને એડમીશન આપતી સંસ્થા

BSC 2020-21-22 માં 100% રીઝલ્ટ આપતી સંસ્થા

સાવરકુંડલા માટે સાયન્સ વિભાગમાં ઉત્તમ ગુણવત્તાવાળો અધ્યાપક ગણ ધરાતી એકમાત્ર સંસ્થા

સંસ્થાપક : અ.ફેઝ કરમ પીરે તરીકત સરકાર આહાજ સૈયદ મુહંમદ (દાદાબાપુ) કાદરી - ફાતમીફિઝે મુહંમદી એજયુકેશન વેલફેર & ચેરીટેબલ ટ્રસ્ટ - સાવરકુંડલા સંચાલિત

**એસ.એમ.જી.કે. એજયુકેશન કોમ્પ્લેક્ષ**

શ્રેષ્ઠ સંસ્કાર અને શ્રેષ્ઠ શિક્ષણ આપતી સંસ્થા

કાર્યક્ષેત્ર : LKG/HKG ગુજરાતી-અંગ્રેજી માધ્યમ
ધો. ૧ થી ૮ ગુજરાતી-અંગ્રેજી માધ્યમ
ધો. ૯ થી ૧૦ ગુજરાતી-અંગ્રેજી માધ્યમ
ધો. ૧૧ થી ૧૨ હાયર સેકન્ડરી



સામાન્ય/વિજ્ઞાન પ્રવાહ ગુજ./અંગ્રેજી માધ્યમ /આર્ટસ/કોમર્સ/સાયન્સ કોલેજ
(સૌરા.યુનિ.માન્ય) શેઠ એ.આર. અલાના પ્રા. I.T.I. (NCVT માન્ય)

અડ્રેસ : મહુવા રોડ, સાવરકુંડલા, જિ. અમરેલી. (ગુજરાત) ફોન : (02845) 295135,
મો.નં. 9879571077 / 9909492617



## ૭૫માં પ્રજાસત્તાક પર્વ નિમિત્તે હાર્દિક શુભકામનાઓ

HAPPY REPUBLIC DAY 26 JANUARY

गणतंत्र हमारा अभिमान है
तिरंगा हमारी शान है

: શુભેચ્છક :



**શ્રી નનકાભાઈ મેસુરીયા**
ઉપપ્રમુખ : કિસાન મોરચા – સાવરકુંડલા



**શ્રી કમલેશભાઈ મેસુરીયા**
યુવા ભાજપ અગ્રણી
માજી નગરસેવક – સાવરકુંડલા



## ૭૫માં પ્રજાસત્તાક પર્વ નિમિત્તે હાર્દિક શુભકામનાઓ

26th January
HAPPY REPUBLIC DAY
INDIA





India REPUBLIC DAY

: શુભેચ્છક :

**શ્રી સુરેશભાઈ પાનસુરીયા**
ઉપાધ્યક્ષ
અમરેલી જીલ્લા ભાજપ




## ૭૫માં પ્રજાસત્તાક પર્વ નિમિત્તે હાર્દિક શુભકામનાઓ

26th January HAPPY REPUBLIC DAY

सभी पर भारतीयता का रंग छा जाए
गणतंत्र दिवस की ढेर सारी शुभकामनाएं

: શુભેચ્છક :





શ્રી દીપકભાભાઈ માલાણી – ચેરમેન | શ્રી મહેશભાઈ લખાણી – વા.ચેરમેન



શ્રી જતિનભાઈ માલાણી
સેક્રેટરી

તથા તમામ ડિરેક્ટરશ્રીઓ
તેમજ કર્મચારીગણ...

**સાવરકુંડલા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ**
**સાવરકુંડલા (માર્કેટયાર્ડ)**

### ચિ. હિતેષ–ચિ. સેજલબેન સાથે પ્રભુતામાં પગલા પાડશે

# રાજુલા તાલુકા પંચાયતનાં પુર્વ પ્રમુખ મીઠાભાઈ લાખણોત્રાનાં આંગણે લગ્નોત્સવ

### રવિવારે લગ્નોત્સવ અને સોમવારે સત્કાર સમારોહ

કોવાયા, તા. ૨૫

રાજુલા તાલુકાનાં દરિયા કિનારે આવેલ કોવાયા ગામનાં વતની અને રાજુલા તાલુકા પંચાયતના પુર્વ પ્રમુખ એવા મીઠાભાઈ લાખણોત્રાનાં સપુત્ર હિતેષભાઈ લાખણોત્રાના તા. ૨૮/૧/૨૦૨૪ ને રવિવારનાં રોજ શુભ લગ્ન રાખેલ છે.

હિતેષભાઈ લાખણોત્રાનાં લગ્નને લઈને લાખણોત્રા પરિવાર દ્વારા તડામાર તૈયારીઓ શરૂ કરી દીધી છે. હિતેષભાઈના લગ્નનાં રૂડા અવસર પર વિવિધ કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવેલ છે. જેનાં તા. ૨૬/૧/૨૦૨૪ અને તા. ૨૭/૧/૨૪ના રોજ લગ્ન ગીત, રાસ ગરબા, દાંડિયા રાસ પણ રાખવામાં આવેલ છે.

ત્યારબાદ તા.૨૮/૧/૨૪નાં રોજ મીઠાભાઈ લાખણોત્રાનાં સપુત્ર





હિતેષભાઈ લાખણોત્રાની જાડી જાન કોવાયા મુકામેથી હેલીકોપર અને ગાડીઓ દ્વારા કથીવદર મુકામે ભવાભાઈ રાજાભાઈ વાઘનાં નિવાસ સ્થાને પ્રધારશે.

ત્યાં મીઠાભાઈ લાખણોત્રાનાં સુપુત્ર હિતેષભાઈ લાખણોત્રા અને ભવાભાઈ રાજાભાઈ વાઘની સુપુત્રી સેજલબેનએ પ્રભુતામાં પગલા માંડ છે.

ત્યારબાદ તા. ૨૯/૧/૨૪ને સોમવારના રોજ હિતેષભાઈ લાખણોત્રાનાં લગ્નનું સત્કાર સમારંભ તેમનાં નિવાસ સ્થાન સાવજ પેલેસ ભગત શેરી કોવાયા મુકામે રાખવામાં આવેલ છે.

### નાયબદંડક સહિતનાં આગેવાનોની ઉપસ્થિતિમાં

# અમરેલીનાં પટેલ સંકુલ ખાતે નવમતદાતા સંમેલન યોજાયું

### પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વરર્ચુઅલ સંબોધન કર્યુ

અમરેલી, તા. ૨૫

ભારતીય જનતા યુવા મોરચા,અમરેલી જિલ્લા દ્વારા સંકુલ કોલેજ ખાતે નવ મતદાતા સંમેલન – ૨૦૨૪નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ઉપસ્થિત રહી, પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીનું મતદાતાઓને માર્ગદર્શન નિહાળ્યું.આ સંમેલનમાં નાયબ દંડક કૌશિકભાઈ વેકરીયા, સાંસદ નારણભાઈ કાછડીયા, અમર ડેરી વાઈસ ચેરમેન મુકેશભાઈ સંઘાણી, જિલ્લા ભાજપ મહામંત્રી મેહુલભાઈ ધોરાજીયા, પ્રદેશ મંત્રી તેમજ પ્રભારી જયભાઈ શાહ, અમરેલી જિલ્લા યુવા મોરચાના પ્રમુખ ચેતનભાઈ શિયાળ, મહામંત્રી મૌલિકભાઈ ઉપાધ્યાય, તાલુકા ભાજપ પ્રમુખ ઘનશ્યામભાઈ ત્રપાસિયા, સાવરકુંડલા ભાજપના પ્રભારી સંજયભાઈ રામાણી સહિત



સંગઠનના હોદેદારો, મંડળ યુવા મોરચાની ટીમ – કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી જીલ્લા દ્વારા યુવાનોનું રાષ્ટ્ર નિર્માણમાં યોગદાન તેમજ યુવા મતદારની લોકતંત્રમાં ભૂમિકા અને મહત્વાકાંક્ષા વિષે દેશના યુવાનોને બહુમૂલ્ય માર્ગદર્શન પૂરૂં પાડયું.

### 'અમરેલી એકસપ્રસ'નાં પત્રકારનાં હસ્તે

# સા.કુંડલાનાં એસ.એમ.જી.કે. શૈક્ષણિક સંકુલમાં આજે કરાશે ધ્વજવંદન

### બાળકો દ્વારા દેશભકિતનાં કાર્યક્રમો રજૂ થશે

સાવરકુંડલા, તા. ૨૫

સાવરકુંડલા ખાતેના અમારા અખબારી પ્રતિનિધિ અને વ્હીસલ બ્લોઅર, ક્ષત્રિય અગ્રણી, જર્નાલિસ્ટ, શૈક્ષણિક આગેવાન પ્રતાપભાઈ ખુમાણના હસ્તે સાવરકુંડલા મહુવા રોડ ઉપર આવેલા ફૈઝે મોહમ્મદી એજયુકેશનલ વેલ્ફેર અને ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સંચાલિત સૈયદ મોહમ્મદ ગુલામ અલી બાપુ કાદરી (એસ.એમ.જી.કે.) એજયુકેશનલ કોમ્પલેક્ષ ખાતે, પીરે તરીકત સૈયદ સરકાર દાદાબાપુ કાદરીના આદેશાનુસાર ૨૬ મી જાન્યુઆરી પ્રજાસત્તાક દિન નિમિત્તે ધ્વજવંદનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો છે.

### સમગ્ર સમાજ માટે પ્રેરણાદાયી કાર્ય કરવામાં આવ્યું

# અમરેલી જિલ્લા ભાજપનાં પૂર્વ પ્રમુખ ડો. કાનાબારનાં ધર્મપત્નીનું અવસાન થતાં ચક્ષુદાન કરાયુ

### સંવેદન ગૃપ દ્વારા ચક્ષુદાનની સદી પૂર્ણ કરવામાં આવી



અમરેલી, તા. ૨૫

અમરેલી જીલ્લા ભાજપના પૂર્વ પ્રમુખ, ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી ડિસ્ટ્રીકટ બ્રાંચના ચેરમેન અને જાણીતાં સેવાભાવી તબીબ ડો. ભરતભાઈ કાનાબારના ધર્મપત્ની કિર્તીબેન કાનાબારનું તા.૧૯ જાન્યુઆરી ૨૦૨૪ શુક્રવારના રોજ અવસાન થતાં કાનાબાર પરિવારે સ્વજનનું ચક્ષુદાન કર્યુ હતું.

અમરેલીમાં વર્ષોથી બંધ થયેલ ચક્ષુદાન પ્રવૃતિ માટે સંવેદન ગૃપ સંસ્થાને પ્રેરણા આપનાર ડો. કાનાબારનાં ધર્મપત્ની છેલ્લાં છ મહિનાથી પથારીવશ હોય, પરિવાર માનસિક આઘાત સહન કરી રહ્યો હોવા છતાં સ્વર્ગસ્થ સ્વજનનું ચક્ષુદાન કરી ' સેવા પરમો ધર્મ' નું ઉદાહરણ પૂરું પાડયું છે. તેઓએ સંવેદન ગૃપના સંયોજક વિપુલ ભટ્ટીના માધ્યમથી નેત્રદાન માટે સેવારત ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી સાવરકુંડલા બ્રાંચના સેક્રેટરી મેહુલભાઈ વ્યાસ તથા કુલદિપ જાડેજાએ સેવા આપી હતી.

ડો. કાનાબાર પરિવારે કરેલ નિર્ણય બે અંધજનોના જીવનમાં રોશની લાવશે તેમજ અંધશ્રદ્ધા છોડી, વૈજ્ઞાનિક અભિગમ અપનાવી મૃત્યુ બાદ નેત્રદાન કરવા અપીલ કરી હતી.

સંસ્થાના સભ્યો ધર્મેન્દ્ર લલાડિયા, દિપક મહેતા, મેહુલ વાઝા, અશોક પાટણવાલા, મૂકેશ મંડોરા, સંજય સવાણી, નૈષધ ચૌહાણ, ભરત ચાવડા, ચિરાગ ત્રિવેદી, ચેતન ચૌહાણ, વિપુલ ચરણદાસ, દિલીપ રંગપરા, કિશોરભાઈ, ધર્મેશ વંડ્રા તેમજ સોનલ ભટ્ટીએ નીલ કાનાબાર તથા ખુશ્બુ કાનાબારને સાંત્વના પાઠવી ૧૦૦મા ચક્ષુદાતા કિર્તીબેનને શ્રદ્ધાંજલિ અર્પી હતી. તેમ સંવેદન ગૃપની અખબારી યાદીમાં જણાવ્યું છે.

### કલેકટર મારફત મુખ્યમંત્રીને આવેદનપત્ર પાઠવીને

# અમરેલી જિલ્લાનાં ટેટ/ટાટ પાસ ઉમેદવારોની કાયમી શિક્ષક તરીકે ભરતીની માંગ

### ગુજરાત સરકાર યુવાઓનો હકક છીનવી રહી છે : મકવાણા

અમરેલી, તા. ૨૫

ગુજરાતસરકારદ્વારાઘણાવર્ષોબાદ ટેટ/ટાટનીપરીક્ષાલેવાતાવર્ષોથીસરકારીનોકરીની રાહજોતાયુવાઓએશિક્ષકમાટેલેવાતીપરીક્ષાપાસ કરીપરંતુહવેસરકારઆયુવાનોનીવર્ષોનીમહેનત અને સરકારી નોકરીના સપના પર પાણી ફેરવતી હોય તેમ ગુજરાત રાજયની શાળાઓમાં મોટી સંખ્યામાં ખાલી પડેલ જગ્યાઓ પર સરકારી શિક્ષકોની ભરતી કરવાના બદલે કરાર આધારીત શિક્ષકો એટલે કે નવી યોજના શરૂ કરી ''જ્ઞાન સહાયક''ની પસંદગી કરી યુવાઓનુ શોષણ કરતી હોય તેવુ આ યુવાનો અનુભવી રહયા છે.

હાલના આ મોંઘવારીના સમયમાં કરાર પર નોકરી કરનારા કર્મચારીઓને અપાતા નજીવાપગારમાંપરિવારનુંભરણપોષણકરવુંખુબ જ મુશ્કેલ છે અને આટલા પગારમાં પોતાના બાળ કોનો અભ્યાસ, દવાખાનાના ખર્ચા, વાહન વ્યવહારનાખર્ચાસહિતનાઅનેકખર્ચાઓઆટલા પગારમાંથી થઈ શકે તેમ નથી. ત્યારે સરકારે આ કરાર આધારીત ભરતી કરી આજની યુવા પેઢીનું શોષણ કરતી હોય તેવુ લાગી રહયુ છે.

સરકાર દ્વારા કરાર આધારીત ભરતીકરીવર્ષોસુધીમહેનતકરીટેટ/ટાટમાંસારા ગુણ મેળવી સરકારી નોકરી મેળવવાનું અને પગભરબનવાનુંસપનુજોનારાયુવાનોસાથેજાણે મજાક કરી રહી હોય તેવું લાગી રહયુ છે. ઘણા યુવાનો સારા ગુણ મેળવી પાસ થયા છે પરંતુ જો સરકાર ટુંકસમયમાં કાયમી શિક્ષકોની ભરતી નહી કરે તો અનેક યુવાનોની ઉંમર મર્યાદા પૂર્ણ થવાની તૈયારીમાં તેવા યુવાનોનું સરકારી નોકરીનું સપનું હંમેશને માટે સપનું જ બની જશે. માતા–પિતા મહેનત મજુરી કરી પોતાના બાળકોને ભણાવે છે અને સરકારી નોકરી મળે તે માટે અનેક ખર્ચાઓ કરે છે પરંતુ સરકારની આવી નીતીઓના કારણે અનેક યુવાનોનું ભવિષ્ય ધુંધળુ બનશે.

સરકારી નોકરી માટે તનતોડ મહેનત કરી પરીક્ષા પાસ કરી ભરતીની રાહ જોતા યુવાનો આગામી દિવસોમાં ગુજરાતની સરકારી અને ગ્રાન્ટેડ શાળાઓમાં તમામ વિષય શિક્ષકો, સંગીત, કમ્પ્યુટર, વ્યાયમ શિક્ષકોની કાયમી શિક્ષક તરીકે તાત્કાલીક ભરતી કરવામાં આવે તેવી માંગ સાથે આગામી દિવસોમાં અમરેલી શહેરના માર્ગો પર રેલી સ્વરૂપે ફરી અમરેલી કલેકટર મારફત ગુજરાત રાજયના મુખ્યમંત્રીને આવેદન પાઠવવામાં આવનાર છે. ત્યારે ટેટ/ટાટ પાસ કરનાર તમામ ભાઈઓ–બહેનો તથા હાલમાં જ જ્ઞાન સહાયક તરીકે લાગેલા ભાઈઓ–બહેનો આ આવેદનપત્ર પાઠવવામાં જોડાય અને તેના આયોજન માટે શરદ મકવાણા (૯૦૩૩૩ ૦૫૨૨૦) નો સંપર્ક કરી વધુમાં વધુ ભાઈઓ–બહેનો પોતાના હકકની લડાઈ લડવા આગળ આવે તેવું શિક્ષિત બેરોજગારોના હકક માટે લડતા યુવા આગેવાન શરદ મકવાણા દ્વારા અપીલ કરવામાં આવી છે.

### જિલ્લા કલેકટરનાં માર્ગદર્શનતળે

# અમરેલીનાં માર્કેટયાર્ડમાં રોડ સેફટી અંતર્ગત માર્ગદર્શન સેમિનાર યોજાયો

### એ.આર.ટી.ઓ. અને ટ્રાફિક વિભાગની કામગીરી

અમરેલી, તા. ૨૫

તા. ૨૫/૧/૨૦૨૪ ના રોજ શ્રી ખેતિવાડી ઉત્પન્ન બજાર સમિતિ– અમરેલીનાં સાવરકુંડલા રોડ ઉપર આવેલ મુખ્ય યાર્ડમાં આજરોજ રાષ્ટ્રીય માર્ગ સલામતિ માસ અંતર્ગત કલેકટર અમરેલીનાં માર્ગદર્શન હેઠળ એ.આર.ટી.ઓ. અમરેલી તથા જિલ્લા ટ્રાફિક અમરેલી વિભાગ દ્વારા સંસ્થાનાં ચેરમેન શૈલેષભાઈ સંઘાણી, વાઈસ ચેરમેન સુરેશભાઈ રોકડ તથા ડીરેકટર ચંદુભાઈ પોલરાની ઉપસ્થિતિમાં રોડ સેફટી અવરનેસ અંતર્ગત માર્ગદર્શન સેમિનારનું આયોજન કરવામાં આવેલ જેમાં અમરેલી જિલ્લા આર.ટી.ઓ. ઓફીસર પઢીયાર તથા તેમની ટીમ તેમજ જિલ્લા ટ્રાફિકની ટીમ દ્વારા ખેડૂતભાઈઓને તથા વાહનધારકોને વાહન અકસ્માત નિવારવા રોડ સેફટી અંગે ખુબ જ સરસ માર્ગદર્શન પુરૂ પાડેલ તથા યાર્ડમાં આવેલ તમામ વાહનોમાં વિનામૂલ્યે રેડીયમ પટ્ટીઓ લગાવી આપેલા તથા વાહન ચલાવતી વખતે સીટબેલ્ટ બાંધવા, હેલ્મેટ



પહેરવા મોબાઈલનો ઉપયોગ ન કરવા તથા ટ્રાફિક નિયમોનું ચુસ્તપણે પાલન કરી સહયોગ આપવા તેમજ આ સંદેશો આપના પરિવારને પણ પહોંચાડવા અનુરોધ કરેલ આ સેમિનારમાં યાર્ડમાં આવેલ બહોળી સંખ્યામાં ખેડૂતોભાઈઓ વેપારીભાઈઓ તથા વાહનધારકોએ ઉપસ્થિત રહીને માર્ગદર્શન મેળવી રાષ્ટ્રીય માર્ગ સલામતિ માસ–૨૦૨૪ કાર્યક્રમને સારો એવો પ્રતિસાદ આપેલ તેમ બજાર સમિતિના સેક્રટરી તુષાર હપાણીએ એક અખબાર યાદીમાં જણાવેલ.

### ગીરગઢડા તાલુકાનાં હરમડિયા ગામે


# ધોળા દિવસે બે સગા ભાઈઓને યુવકે છરીનાં ઘા ઝીંકી દેતા એકનું મોત બીજાની હાલત ગંભીર

### આરોપી રાજા ગંગદેવને ક્રાઈમ બ્રાન્ચે ઝડપી લીધો

ઉના, તા. ૨૫

ગીર સોમનાથ જિલ્લામાં અવારનવાર હત્યાના બનાવો બનતા હોય છે ત્યારે વધુ એક ઘટના ગીર ગઢ ડા તાલુકામાં સામે આવી છે ધોળા દિવસે હત્યાનો બનાવ બનતા સમગ્ર જિલ્લામાં સંપૂર્ણપણે કાયદો વ્યવસ્થાની સ્થિતિ કથળી હોય તેવું લાગી રહ્યું છે જાણે લોકોને કોઈ ગુનો કરતા પહેલા કાયદા વ્યવસ્થાનો ડર જ નથી આ ઘટનામાં એક યુવકે બંને સગા ભાઈઓને જાહેરમાં છરીના ઘા ઝીકી દેતા એકનું મોત નીપજયું છે જયારે અન્ય યુવકને સારવાર અર્થે ખસેડવામાં આવ્યો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર ગીર ગઢડા તાલુકાના હરમડિયા ગામના બસ સ્ટેશનમાં દુકાન ધરાવનાર રાજા ગંગદેવની દુકાન પાસે મૃતક ગંભીર ધીરૂભાઈ ખસિયા તથા હાર્દિક ધીરૂભાઈ ખસિયા બંને સગા ભાઈઓ નારિયેળ લેવા માટે ગયેલ હોય ત્યારે મૃતક ઋત્વિક ઉર્ફે ગંભીર ખસિયા અને દુકાનદાર રાજા ગંગદેવ વચ્ચે અગાઉના પ્રેમ પ્રકરણના મનદુઃખને લઈ સામાન્ય બોલાચાલી થયેલ હોય જે બાદ રાજા



તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના

ગંગદેવ ઉશ્કેરાઈ જઈ પોતાની પાસે રહેલ છરી વડે ઋત્વિક ઉર્ફે ગંભીર ખસિયા પર હુમલો કરતા છાતીના ડાબા ભાગે છરીના ઘા ઝીંકતા ઘટના સ્થળે જ મોત નિપજતા પીએમ અર્થે ગીર ગઢ ડા સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડાયો હતો જયારે વચ્ચે પડેલ મૃતકના ભાઈ હાર્દિક ખસિયાને પણ છરીના ઘા ઝીંકી દેતા પ્રથમ ગીર ગઢડા સિવિલ હોસ્પિટલ અને વધુ સારવાર અર્થે જૂનાગઢ રીફર કરાયો હતો. ત્યારે નાના એવા હરમડિયા ગામમાં ધોળા દિવસે હત્યાનો બનાવ બનતા કોડીનાર પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો અને યુવકને છરી ઝીંકી મોતને ઘાટ ઉતારનાર રાજા ગંગદેવને ગીર સોમનાથ જિલ્લા ક્રાઈમ બ્રાન્ચ ટીમે ગણતરીની કલાકોમાં ઝડપી પાડી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# અમરેલી આંતરરાષ્ટ્રિય હિન્દુ પરિષદ દ્વારા શ્રીરામમંદિર પ્રતિષ્ઠા મહોત્સવ અંતર્ગત મહાઆરતી યોજાઇ



અયોધ્યામાં શ્રીરામ જન્મભૂમિ પદ નિર્મિત શ્રીરામ મંદિરનાં મહાપ્રતિષ્ઠા મહોત્સવ નિમિતે અમરેલી જિલ્લા આંતરરાષ્ટ્રીય પરિષદ અને રાષ્ટ્રીય બજરંગદળ તથા ઓજસ્વીનાં બહેનો આયોજન ભવ્ય મહાઆરતીનું આયોજન કરવામાં આવેલ. તા.૨૨/૧/૨૦૨૪ સોમવારનાં રોજ અમરેલી શહેર અને જિલ્લામાં આ.હિ.પ.તેમજ રાષ્ટ્રીય બજરંગગી દ્વારા ચાલતા સાપ્તાહિક હિન્દુ સંસ્કૃત કેન્દ્ર પર ભવ્યાતી ભવ રીતે પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવની ઉજવણી કરેલ. દરેક કેન્દ્ર પર બપોરનાં ૧૨:૩૦ વાગે અને મહાઆરતી તથા પ્રસાદનું આયોજન કરવામાં આવેલ. ૫૦૦ વર્ષનો હિન્દુ સમાજની આતુરતાનો અંત આવ્યો તે પહેલા હિન્દુ હૃદય સમ્રાટ ડો.પ્રવિણભાઈ તોગડિયાની આગેવાનીમાં અત્યાર સુધી પરિષદ દ્વારા 'રામનામ જાપ'' ''રામશિલા પુજન, ''રામ પાદુમ પુજન''સેવા રૂપિયા નિધિ'' જેવા અગમ્ય કાર્યક્રમો આપી હિન્દુ સમાજને જાગૃત કરેલ અને ''બાબરી ઢાંચો'' ધ્વંશમાં પણ હજારો કાર્યકર્તાઓને મુળ જ પ્રેરણા આપી રૂબરૂ માર્ગદર્શન કરેલ. એવા ડો.તોગડિયાને અમરેલીનાં ''હિન્દુ હૃદય સમ્રાટ ડો.ગજેરાના માર્ગદર્શન નીચે બધા જ કાર્યકર્તાઓને ખુબ જ પ્રેરણા મળેલ અને આજનાં આ ઉત્સવમાં અમરેલી માટે બસ સ્ટેશન ચોકમાં મહાઆરતી–આતશબાજીનું આયોજન કરેલ જેમાં સૌરાષ્ટ્ર પ્રાંત અવસર ડો.ગજેરા, ઉપાધ્યક્ષ મનસુરભાઈ રૈયાણી, ભાવનગર વિભાગ અધ્યક્ષ દડુભાઈ ખાચર જિલ્લા અધ્યક્ષ ડો.દેસાણી, રાષ્ટ્રીય બજરંગ જિલ્લા અધ્યક્ષ ડી.ભાઈ બામટા તથા મજલુતાસિંહ બાસિયા, ડો.ગોંડલિયા, દિલીપભાઈ દેસાઈ, મનુકાકા તલાવિયા, જીજ્ઞેશભાઈ કપાસ, વિપુલભાઈ ગજેરા, સિધ્ધાર્થભાઈ, મહેશભાઈ, બાલમુકુંદ, હિતેશભાઈ જોષી, હિતેશ ચોવટીયા, મહેશ ચોટલિયા, જીત કાબરિયા, પૃથ્વી જોગરાજીયા, જિલ્લા કોષાધ્યાક્ષ શ્રી પ્રોફે. એમ.એમ.પટેલ, પ્રાંત સંગઠન મંત્રી નિર્મળભાઈ ખુમાણ, જિલ્લા કા.સચિવ સુરેશભાઈ સોલંકી તેમજ સમ્ળા ટીમ દ્વારા ભવ્યાતિભવ્ય મધઆરતી કરેલ અને ભવ્ય આતશબાજી પણ કરશે. આજનાં આ પવિત્ર પ્રસંગમાં આ.હિ.પ.સાથે અમરેલી એસ.ટી.ડેપો વેપારી એસોએશન, પ્રમુખ હિતેશભાઈ ભુવા, ડીસ્ટ્રીકટ ચેમ્બર પ્રમુખ ચતુરભાઈ અકબરી, ઉપપ્રમુખ, હરેશભાઈ, જીલુભાઈવાળા, ગીરીશભાઈ, યોગેશભાઈ તેમજ સમગ્ર ટીમ સાથે મુખદેવ કૌશિકભાઈ વેકરિયાની વિશેષ ઉપસ્થિતીમાં ભગવાન ચરલ્લાની મહાઆરતી કરેલ અને હનુમાન ચાલીચા સાથે પ્રસાદ વિતરણ કરશો, આ પ્રસંગે વેપારી એઓ પ્રમુખ દિનેશભાઈ ભુવા, ધર્મેન્દ્રભાઈ ભંડેરી, વિજયભાઈ, મુકેશભાઈ કુંજડિયા, પંકજભાઈ, આશિષભાઈ, શૈલેષસિંહ ચૌહાણ, જયદિપભાઈ, સંજયભાઈ ધાધલ, કિશનભાઈ, જયેશભાઈ તેમજ સમગ્ર ટીમે હાજર રહેલ. આ તકે તમામ ધર્મપ્રેમી જનતાનો ખુબ ખુબ આભાર સહ સર્વે હિન્દુ સમાજનો ડો.ગજેરાએ ધન્યવાદ આપેલ.

# ૭૫માં પ્રજાસત્તાક પર્વ નિમિત્તે હાર્દિક શુભકામનાઓ

भारत के गणतंत्र का, सारे जग में मान,
दशकों से खिल रही, उसकी अद्भुत शान,
सब धर्मो को देकर मान रचा गया इतिहास का
इसलिए हर देशवासी को इसमें है विश्वास ||
गणतंत्र दिवस की ढ़ेरो शुभकामनाए

શુભેચ્છક

જય જવાન | જય કિસાન

## શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ
## ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ અમરેલી

સાવરકુંડલા રોડ - અમરેલી
મુખ્યયાર્ડ ફોન : ઓ. (૦૨૭૯૨) ૨૯૫૫૫૫ : ૨૩૪૦૩૪ : ૨૩૪૦૪૪
સબયાર્ડ ફોન : ઓ. (૦૨૭૯૨) ૨૨૨૧૨૨ : ૨૨૩૨૧૩ : ૨૨૩૯૪૧

**ખુલ્લી હરરાજી.... ખરો તોલ.... રોકડા નાણાં...**

- ખેડૂતોએ પોતાની જણસ માર્કેટયાર્ડમાં વેચવાનો આગ્રહ રાખવો.
- ખેડૂતો વજનમાં છેતરાય નહીં તે માટે માર્કેટયાર્ડમાં ઇલેક્ટ્રોનીકસ કાંટા દ્વારા વજન કરવામાં આવે છે.
- જુના માર્કેટયાર્ડ (સબયાર્ડ)માં AToZ માર્કેટ, હોલસેલ શાકમાર્કેટ, હોલસેલ ફ્રુટ માર્કેટ તેમજ તમામ સુવિધાઓ સંપન્ન રીટેઈલ શાકમાર્કેટ શરૂ છે.

**તુષાર એચ. હપાણી** – સેક્રેટરી | **સુરેશભાઈ એમ. રોકડ** – વા.ચેરમેન | **શૈલેષભાઈ બી. સંઘાણી** – ચેરમેન

સમગ્ર બોર્ડ ઓફ ડીરેક્ટરશ્રીઓ

શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ

**ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ અમરેલી**

# ૭૫માં પ્રજાસત્તાક પર્વ નિમિત્તે હાર્દિક શુભકામનાઓ

## અમરેલી જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક લિ. અમરેલી.

ભોજલરામ ભવન, રાજમહેલ રોડ, હેડ-ઓફીસ, અમરેલી. ફોન નં. (૦૨૭૯૨) ૨૨૨૬૦૧, ૨૨૧૯૩૮
ઈ-મેઈલ : ajmsbank@yahoo.co.in

**(થાપણ પરના બેંકના આકર્ષક વ્યાજદરો)**


| અનુ. નં. | થાપણના પ્રકાર | તા.૧૧-૦૧-૨૦૨૪ થી વ્યાજનો દર | સીનીયર સીટીઝન (વરિષ્ટ નાગરીક) માટે |
|---|---|---|---|
| (A) | ૦૭ દિવસથી ૧૪ દિવસની મુદ્દત માટે | ૩.૫૦ | ૪.૦૦ |
| (B) | ૧૫ દિવસથી ૪૫ દિવસની મુદ્દત માટે | ૪.૦૦ | ૪.૫૦ |
| (C) | ૪૬ દિવસથી ૮૯ દિવસની મુદ્દત માટે | ૪.૭૫ | ૫.૨૫ |
| (D) | ૯૦ દિવસથી ૧૭૯ દિવસની મુદ્દત માટે | ૫.૦૦ | ૫.૫૦ |
| (E) | ૧૮૦ દિવસથી ૧ વર્ષ કરતા ઓછી મુદ્દત માટે | ૬.૦૦ | ૬.૫૦ |
| (F) | ૧ વર્ષની મુદ્દત અને ૨ વર્ષ કરતા ઓછી મુદ્દત માટે | ૭.૦૦ | ૭.૫૦ |
| (G) | ૨ વર્ષની મુદ્દત અને ૩ વર્ષ કરતા ઓછી મુદ્દત માટે | ૭.૨૫ | ૭.૭૫ |
| (H) | ૩ વર્ષની મુદ્દત અને ૫ વર્ષ કરતા ઓછી મુદ્દત માટે | ૬.૭૫ | ૭.૨૫ |
| (I) | ૫ વર્ષથી ૮ વર્ષ સુધીની મુદ્દત માટે | ૬.૫૦ | ૭.૦૦ |
| (J) | ડબલ (સ્પેશ્યલ ફીકસ ડીપોઝીટ) | ૧૧ વર્ષ ૬ માસે (૧૩૮ માસ) (વ્યાજ દર ૬.૧૦%) | |

- અન્ય બેંકોની સરખામણીમાં થાપણો ઉપર સૌથી વધુ વ્યાજ આપતી અને **સને ૧૯૫૧** થી સતત **ઓડીટ વર્ગ અ** ધરાવતી બેંક.
- સરકારશ્રીની નીતિ અન્વયે પ્રથમ વર્ષથી ૧૦૦% કિસાન ક્રેડીટ કાર્ડ દ્વારા જ ખેડૂતોને રૂા. ૩,૦૦,૦૦૦/- સુધીનું ધિરાણ ૭% એ ખરીફ અને રવિ પાક ધિરાણ પુરી પાડતી પ્રથમ બેંક તેમજ **રૂા. ૩,૦૦,૦૦૦/-** સુધીનું અકસ્માત વીમા કવચ પુરી પાડતી બેંક.
- બેંકની મુખ્ય કચેરી ઉપરાંત **૭૧ શાખાઓ** સાથે સંયોજીત મંડળીઓ તથા બેંકના કર્મચારીઓના નેટવર્ક દ્વારા ખેતી અને ખેતી આધારિત પશુપાલન તેમજ ઉદ્યોગોને ઉત્તમ સેવા પુરી પાડતી બેંક. ■ ખેડૂતોને હાઉસીંગ, ગોડાઉન, ટ્રેકટર તથા દ્વીચકી વાહન ખરીદવા માટે લોન આપવામાં આવે છે. ■ રૂા. ૫,૦૦,૦૦૦/- સુધીની આ બેંકમાં મુકેલ ડિપોઝીટ વીમાથી સુરક્ષિત.
- **બેંકમાં RTGS, NEFT, IMPSM, UPI (બીલ પેમેન્ટ) BBPS (આધાર લીંક સબસીડી) APBS, SMS એલર્ટ, મોબાઈલ બેંકીંગ, CTS ટ્રાન્ઝેકશનની સુવિધા ઉપલબ્ધ છે. તેમજ ફકત રૂા. ૧૦૭/-માં બેંક મારફત પાનકાર્ડ મેળવવાની સુવિધા.**
- બેંકની વ્યકિતગત **આકસ્મિક વીમા યોજના** અન્વયે ૧૦ થી ૭૮ વર્ષની વયના **લોકોને રૂા. ૩/- લાખનું અકસ્માત વીમાનું કવચ.**
- **ગોલ્ડ લોન ધમાકા સોનાના દાગીના ઉપર બજાર ભાવના ૭૫% સુધી અને વધુમાં વધુ રૂા. ૭૦૦૦૦૦/- સુધીનું ધિરાણ વાર્ષિક માત્ર ૯.૫૦% ના વ્યાજ દરે ઉપલબ્ધ છે.**

**(બી. એસ. કોઠીયા)** – જનરલ મેનેજર (સી.ઈ.ઓ) | **(અરૂણભાઈ પટેલ)** – વાઈસ ચેરમેન | **(દિલીપભાઈ સંઘાણી)** – ચેરમેન

**અમરેલી જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક લિ. અમરેલી.**

# ૭૫માં પ્રજાસત્તાક દિન નિમિત્તે હાર્દિક શુભકામનાઓ...





# અલ્ટ્રાટેક સિમેન્ટ લિમિટેડ

## ગુજરાત સિમેન્ટ વર્કસ – કોવાયા


HAPPY
REPUBLIC DAY
26 जनवरी को मिली थी
भारत को गणतंत्र की शक्ति,
संविधान ही है जो हमे देता
आजादी की अभिव्यक्ति।
गणतंत्र दिवस कि
शुभकामनाएं
... શુભેચ્છક ...
શ્રી મહેશ કસવાલા
ધારાસભ્ય
સાવરકુંડલા-લીલીયા (ગુજરાત)
પ્રદેશ મંત્રી
ગુજરાત-ભાજપા


૭૫માં પ્રજાસત્તાક પર્વ નિમિત્તે
હાર્દિક શુભકામનાઓ
26th
January
Happy
REPUBLIC DAY
શુભેચ્છક
શ્રી કૌશિક વેકરિયા
નાયબ મુખ્ય દંડક : ગુજરાત વિધાનસભા
ધારાસભ્ય : અમરેલી-વડિયા-કુંકાવાવ મત વિસ્તાર


૭૫માં પ્રજાસત્તાક પર્વ નિમિત્તે
હાર્દિક શુભકામનાઓ
INDIA
REPUBLIC
26 January DAY
... શુભેચ્છક ...
શ્રી જનકભાઈ તળાવીયા
ધારાસભ્ય
લાઠી-બાબરા
વિધાનસભા


२६ जनवरी
की हार्दिक शुभकामनाएँ
जय हिंद जय भारत
શુભેચ્છક
ગોપાલભાઈ વસ્તરપરા
મુ. ચમારડી, તા. બાબરા. (હાલ : સુરત)

# ૭૫માં પ્રજાસત્તાક પર્વ નિમિત્તે હાર્દિક શુભકામનાઓ

26th January
REPUBLIC DAY

: શુભેચ્છક :



**શ્રી પરશોતમભાઈ રૂપાલા**
કેબીનેટ મંત્રીશ્રી, ભારત સરકાર
સંસ્થાના પ્રેરણાસ્ત્રોત, સ્થાપક ડાયરેક્ટરશ્રી



**શ્રી દિલીપભાઈ સંઘાણી**
ચેરમેનશ્રી 'ઈફકો'
શ્વેતક્રાંતિના જનક, સ્થાપક ચેરમેનશ્રી



**શ્રી અશ્વિન સાવલીયા**
ચેરમેનશ્રી



**શ્રી મુકેશ સંઘાણી**
વાઈસ ચેરમેનશ્રી



**ડો. આર. એસ. પટેલ**
મેનેજીંગ ડિરેક્ટર

: બોર્ડ ઓફ ડિરેક્ટરશ્રીઓ :


| | | |
|---|---|---|
| શ્રી માવજીભાઈ ગોલ | શ્રી અરૂણભાઈ પટેલ | શ્રી અરૂણાબેન માલાણી |
| શ્રી ચંદુભાઈ રામાણી | શ્રી રાજેશભાઈ માંગરોળીયા | શ્રી જયેનભાઈ મહેતા |
| શ્રી ઠાકરશીભાઈ શીયાણી | શ્રી જયાબેન રામાણી | શ્રી રામજીભાઈ કાપડીયા |
| શ્રી કમલેશભાઈ સંઘાણી | શ્રી ભાનુબેન બુહા | શ્રી કંચનબેન ગઢીયા |
| શ્રી રેખાબેન કાકડીયા | શ્રી ભાવનાબેન ગોંડલીયા | શ્રી ભાવનાબેન સતાસીયા |

**અમરેલી જીલ્લા સહકારી દુધ ઉત્પાદક સંઘ લી. ''અમર ડેરી''**



# જાહેર આમંત્રણ

સહર્ષ ખુશાલી સાથ જણાવવાનું કે,
અમારા કુળદેવી શ્રી રાંદલ માતાજી તથા શ્રીનાથજી બાવાની
અસીમ કૃપાથી અને માતા-પિતાના આશીર્વાદથી અમો નવા સોપાન....



## સોનપાલ ફોર-વ્હીલ એન્ડ ટુ-વ્હીલ પ્રેક્ટિસ ટ્રેક

નો શુભારંભ કરવા જઈ રહ્યા છીએ, તો આ ''શુભારંભ''ના શુભ અવસરે ઉપસ્થિત રહેવા આપને અમારૂ ભાવભર્યુ આમંત્રણ છે.
આપની ઉપસ્થિતિ તથા આપના આશિર્વાદ અમારા માટે પ્રેરણાત્મક બની રહેશે...

**તારીખ**
૨૭-૦૧-૨૦૨૪, શનિવાર.

**સમય**
સવારના ૧૦:૦૦ વાગ્યાથી આપના આગમન સુધી

**શુભ સ્થળ**
ગુરૂદત્ત પેટ્રોલ પંપની સામેનો, અમરેલી-રાજકોટ નવો બાયપાસ હાઈવે રોડ, અમરેલી-૩૬૫૬૦૧

**: નિમંત્રક :**

પિયુષ વસંતકુમાર સોનપાલ (મોન્ટુભાઈ)
મો. ૯૮૨૫૩ ૨૭૨૨૭

સ્મિત પિયુષકુમાર સોનપાલ
મો. ૯૫૫૮૭ ૯૯૯૯૯

હુસેનમીયા દિલાવરહુસેન સૈયદ
મો. ૯૯૭૯૫ ૭૧૮૨૫

દાદમીયા હુસેનમીયા સૈયદ
મો. ૮૭૩૫૦ ૧૯૯૯૯

**સોનપાલ ઓટો એડવાઈઝર્સ - અમરેલી**
**સોનપાલ પીયુસી એન્ડ નંબર પ્લેટ - અમરેલી**
**રામરાજય કાર્બોનીક - અમરેલી - નમ્રતા ઓટો એડવાઈઝર્સ - બાબરા.**



# ૭૫માં પ્રજાસત્તાક પર્વ નિમિત્તે હાર્દિક શુભકામનાઓ

''સ્વચ્છતા ત્યાં પ્રભુતા'' ''સ્વચ્છ અમરેલી'' ''સુંદર અમરેલી''

## અમરેલી નગર સેવા સદન - અમરેલી

**૨૬મી જાન્યુઆરી-૨૦૨૪ પ્રજાસત્તાક દિનની ઉજવણી**

નગરપાલિકા દ્વારા ''સર્વનો સાથ શહેરનો વિકાસ'' ''સ્વચ્છ અમરેલી, સુંદર અમરેલી'' ઉક્તિને સાર્થક કરવા તમામ શહેરીજનોના સાથ અને સહકારની અપેક્ષા છે. ૨૬મી જાન્યુઆરી-૨૦૨૪ પ્રજાસત્તાક દિનના ઉજવણી નિમિત્તે નીચે મુજબનાં સંકલ્પ કરીએ.

(૧) નગરને સ્વચ્છ અને સુંદર બનાવવા સહયોગ આપીએ.
(૨) ઘરનો ભીનો કચરો-સુકો કચરો અલગ-અલગ કચરા પેટીમાં નાખીએ.
(૩) નગરપાલિકાની ડોર ટુ ડોર કચરાના કલેકશનની સુવિધાનો મહત્તમ લાભ લઈએ.
(૪) પ્લાસ્ટીકનાં ઝબલાનો બહિષ્કાર કરીએ.
(૫) નગરને હરીયાળુ બનાવવા વૃક્ષારોપણ કરીએ અને વૃક્ષને ઉછેરવાનો સંકલ્પ કરીએ.
(૬) પાણીનો કરકસર યુકત ઉપયોગ કરીએ અને તેનો બગાડ કરશો નહિ.
(૭) આવો આપણા નગરને ઝીરો વેસ્ટ ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત બનાવીએ.
(૮) નગરપાલિકાના કરવેરા નિયમિત ભરીએ.
(૯) સંક્રમિત રોગોથી બચવા સરકારશ્રીના ગાઈડલાઈનનું બિન-ચૂક પાલક કરીએ.

શુભેચ્છક

**બિપીનભાઈ સવજીભાઈ લિંબાણી**
પ્રમુખ
અમરેલી નગરપાલિકા-અમરેલી

**બિનાબેન વિશાલભાઈ કાલેણા**
ઉપપ્રમુખ
અમરેલી નગરપાલિકા-અમરેલી

**એચ.કે. પટેલ**
ચીફ ઓફીસર
અમરેલી નગરપાલિકા-અમરેલી

**ચિરાગભાઈ ચાવડા**
અધ્યક્ષ : ટાઉન પ્લાનીંગ સમિતિ
અમરેલી નગરપાલિકા-અમરેલી

**મનિષભાઈ હકુભાઈ ધરજીયા**
અધ્યક્ષ : કારોબારી સમિતિ
અમરેલી નગરપાલિકા-અમરેલી

તથા તમામ સદસ્યશ્રીઓ તથા કર્મચારી ગણ

**અમરેલી નગર સેવા સદન - અમરેલી**



APM TERMINALS
Lifting Global Trade

## ગુજરાત પીપાવાવ પોર્ટ લિ.

તરફ થી

ગણતંત્ર દિવસની હાર્દિક શુભકામનાઓ

www.apmterminals.com/pipavav


*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)